વાંચી શકાય તેમજ સાંભળી શકાય તેવું પ્રથમ નવીન ગુજરાતી મેગેઝીન : "ઉમિયા જ્યોત"

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા સંચાલિત

ઉમિયા જ્યોત

Publisher : DILIPBHAI MANILAL PATEL UMIYA JYOT (Gujarati Monthly)

સમાજના સર્વાંગી વિકાસનું મુખપત્ર

Vol.15 • Issue No. 02 • 15th February, 2026, Saturday • Pages 40 • Retail Price ₹ 45







ઉમિયા જ્યોત

અંકના સૌજન્ય દાતાશ્રી

સ્વ. જમનાદાસ જોઈતારામ પટેલ અને સ્વ. સીતાબા જમનાદાસ પટેલની

પાવન સ્મૃતિમાં



February,



હસ્તે **શ્રી બાબુભાઈ જે. પટેલ** (બી.જે.પી.)
(ધારાસભ્યશ્રી દસક્રોઈ તથા પ્રમુખશ્રી- શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા)
જમનાદાસ હાઉસ, ઈસ્કોન-આંબલી રોડ,
અમદાવાદ - ૩૮૦ ૦૫૮.



રાધે Sumiran®
WOMEN'S HOSPITAL
માતા પિતા બનવાના સફરની શરૂઆત કરો અમારી સાથે
અત્યાધુનિક સુવિધા | નવીનતમ તકનીકી અને અનભવી ડોક્ટરોની ટીમ
IVF અને એન્ડોમેટ્રિઓસિસ સર્જરી માટે શ્રેષ્ઠ સેન્ટર
IVF CENTER
26 વર્ષનો અનુભવ
22,000+ IVF દર્દીઓની સારવાર
32,500+ લૅપ્રોસ્કોપિક સર્જરી
શું તમે IVF હોસ્પિટલની શોધમાં છો?
તો આજે જ સુમિરન હોસ્પિટલ સાથે જોડાવો
ડૉ. મેહુલ સુખડિયા
ગુજરાતના આરોગ્ય મંત્રી દ્વારા સૌથી પ્રતિષ્ઠિત IVF નિષ્ણાત એવોર્ડ 2023 માટે સન્માનિત
આજે જ તમારી એપોઇન્ટમેન્ટ બુક કરો:
+91 76220 00421
+91 76220 0042125
508, એ. શ્રીરામ એથન્સ, જઢેશ્વરી કી રાણી પાસે, શિવરાંજની, અમદાવાદ – 380015
વિપુલ દુધિયાની સામે, સ્ટેડિયમ ફાઇવ રોડ, નવરંગપુરા, અમદાવાદ – 380009

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા સંચાલિત
ઉમિયા જ્યોત



શ્રી બાબુભાઈ જમનાદાસ પટેલ
- પ્રમુખશ્રી, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા

લવાજમ

છુટક નકલ રૂા. ૪૫/-
દેશમાં વાર્ષિક રૂા. ૫૦૦/- ● ૫ વર્ષના રૂા. ૨૦૦૦/-
દેશમાં ૧૦ વર્ષ માટે રૂા. ૩૦૦૦/-
પરદેશમાં વાર્ષિક ડૉલર ૭૫ ● ૫ વર્ષ ડૉલર ૩૦૦
પરદેશમાં ૧૦ વર્ષ માટે ડૉલર ૫૦૦

પ્રકાશક - મુદ્રક
શ્રી મુકેશકુમાર અમૃતલાલ પટેલ
કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન,
ઉમિયા જ્યોત વતી ગુજરાત ઑફસેટ, વટવા,
અમદાવાદ ખાતે છપાવી ઉમિયા કેમ્પસ, સોલા
અમદાવાદ ખાતેથી પ્રસિધ્ધ કર્યું.

ઉમિયા જ્યોત દર મહિનાની
૧૫મી તારીખે પ્રસિધ્ધ થાય છે, ૧૮મી તારીખે પોસ્ટ થાય છે.

લવાજમ-લેખો-પત્ર વ્યવહાર માટે
'ઉમિયા જ્યોત' કાર્યાલય
કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન
ઉમિયા કેમ્પસ, ભાગવત વિદ્યાપીઠ પાસે,
એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦ ૦૬૦
ફોન : ૦૭૯-૨૭૬૬ ૧૨૦૪, ૬૩૫૪૫૩૬૪૩૬
સવારે ૧૧.૦૦ થી સાંજે ૫.૦૦ સુધી (રજાના દિવસ સિવાય)
E-mail : editorumiyajyot@gmail.com

અનુક્રમણિકા

umiyamatajiunjha umiyamataunjha



ઉમિયા જ્યોતના તંત્રીસ્થાનેથી

ડૉ. અમૃત પટેલ

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

વ્યવસાયલક્ષી કૌશલ્ય કેન્દ્રો

શ્રી ઉમિયા માતાજી માત્ર આપણી કુલદેવી જ નહીં, પરંતુ શ્રમ, સ્વાવલંબન અને સંગઠનની સાક્ષાત પ્રેરણામૂર્તિ છે. પાટીદાર સમાજનો ઈતિહાસ સાક્ષી છે કે જ્યારે પણ સમાજ પર પડકારો આવ્યા છે, ત્યારે આપણે ખેતી, વેપાર, ઉદ્યોગ અને શિક્ષણના માધ્યમથી સ્વાવલંબનનો માર્ગ કંડાર્યો છે. આજે ફરી એકવાર સમાજ સમક્ષ એક વિકટ પડકાર ઊભો છે — યુવાનોની બેરોજગારી અને આર્થિક સંઘર્ષ.

વર્તમાન સમયમાં સરકારી નોકરીઓની ઘટતી સંખ્યા અને પ્રાઈવેટ સેક્ટરમાં અનિશ્ચિતતા ચિંતાનો વિષય છે. બીજી તરફ, શિક્ષણ મોંઘું થતું જાય છે; સામાન્ય પરિવારો માટે સંતાનોને ઉચ્ચ શિક્ષણ અપાવવું એ એક આર્થિક સંઘર્ષ બની ગયો છે. વિડંબના એ છે કે ઊંચી ડિગ્રીઓ મેળવ્યા પછી પણ યોગ્ય રોજગાર ન મળવાને કારણે અનેક યુવાનો હતાશાનો ભોગ બને છે.

જોકે, આ પરિસ્થિતિ વચ્ચે એક ઉજળી તક પણ રહેલી છે. આજે ઉદ્યોગોમાં કુશળ (Skilled) કામદારોની ભારે અછત છે. બજારમાં માંગ પુષ્કળ છે, પરંતુ તેને અનુરૂપ આધુનિક ટેકનોલોજીની તાલીમ પામેલા યુવાનો મળતા નથી.

આ દિશામાં ૮૪ કડવા પાટીદાર સમાજ શહેરી ફેડરેશન દ્વારા નુગર ખાતે શરૂ કરવામાં આવેલું CNC (સી.એન.સી.) આધારિત કૌશલ્ય કેન્દ્ર એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. અહીં માત્ર દોઢ મહિનાની ટૂંકી તાલીમ દ્વારા ૨૧ યુવાનોને વ્યવસાયલક્ષી કૌશલ્ય આપવામાં આવ્યું. પરિણામ એ આવ્યું કે તાલીમ પૂર્ણ થતાં જ તમામ ૨૧ યુવાનોને વિવિધ કંપનીઓમાં રૂ. ૨૦,૦૦૦ થી ૨૫,૦૦૦ ના માસિક પગારે નોકરી મળી ગઈ. એટલું જ નહીં, કંપનીઓએ તેમને આગળના ત્રણ મહિના વધુ તાલીમ આપવાની જવાબદારી પણ સ્વીકારી. આ સફળતા સાબિત કરે છે કે યોગ્ય દિશાની ટૂંકી તાલીમ પણ યુવાનના જીવનમાં મોટું પરિવર્તન લાવી શકે છે.

ઉમિયા માતાજીની છત્રછાયામાં ચાલતા આપણા સમાજ માટે આ એક સ્પષ્ટ સંદેશ છે. હવે આપણે માત્ર પરંપરાગત શૈક્ષણિક સંસ્થાઓ સુધી સીમિત ન રહેતા, વ્યવસાયલક્ષી કૌશલ્ય કેન્દ્રો ઊભા કરવાની જવાબદારી પણ ઉપાડવી પડશે. દરેક યુવાન ડોકટર કે એન્જિનિયર બને તે શક્ય નથી, પણ દરેક યુવાન 'આત્મનિર્ભર' બને તે આવશ્યક છે. જો સમાજના શ્રેષ્ઠીઓ, દાતાઓ અને સંસ્થાઓ મળીને આવા રોજગારલક્ષી કેન્દ્રો શરૂ કરે, તો બેરોજગારીનો પ્રશ્ન જડમૂળથી ઉકેલી શકાય છે.

પાટીદાર સમાજે હંમેશા 'શ્રમ'ને પૂજ્યો છે. આજે સમય પાકી ગયો છે કે આપણે માતાજીની પ્રેરણા લઈ, યુવાનોના હાથમાં કૌશલ્ય અને મનમાં આત્મવિશ્વાસ રોપવાનો સંકલ્પ કરીએ. જો સમાજનું પીઠબળ યુવાનોને મળશે, તો આપણી આવનારી પેઢી નોકરી શોધનારી નહીં, પણ સ્વાભિમાનથી જીવનારી બનશે. આ જ ઉમિયા માતાજીની સાચી સેવા અને સમાજ ઉત્કર્ષનો સાચો માર્ગ છે.

વિભાગ : ૧ ઉપનિષદો, પુરાણો અને લોક પરંપરામાં ઉમિયા માતાજીની કથાઓ

મા ઉમાનું બ્રહ્મચારિણી સ્વરૂપ : શ્રીમાતા(માતંગી) અને કર્ણાટક દૈત્યનું ઉપાખ્યાન

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

મા ઉમાનું બ્રહ્મચારિણી સ્વરૂપ



સ્કન્દપુરાણના ધર્મારણ્ય-માહાત્મ્યમાં નિરૂપિત મા ઉમાનું બ્રહ્મચારિણી સ્વરૂપ; જે શ્રીમાતા કે માતંગી મોઢ બ્રાહ્મણો અને વણિકોનાં કુળદેવી 'મોઢેશ્વરી' તરીકે જાણીતાં છે. આ માહાત્મ્યમાં આ બંને જ્ઞાતિઓનો ઇતિહાસ નિરૂપિત છે. મા ભગવતી ઉમા તો જુદા જુદા સ્વરૂપે સર્વ જ્ઞાતિઓની કુળદેવી રહ્યાં છે.

આ ધર્મારણ્યક્ષેત્ર એટલે સૂર્યપુત્ર યમદેવ (ધર્મરાજ) દ્વારા નિર્મિત સૂર્યમંદિર તરીકે જાણીતું; જેનું પ્રાચીન નામ મોટેરેક અને આજનું મોઢેરા ગામ; જે ક્ષાત્રધર્મનું પણ પ્રતીક છે. સત્યલોકમાંથી વિષ્ણુ દ્વિજો ના રક્ષણાર્થે ત્યાં આવેલા હોવાથી સત્યયુગમાં તે ધર્મારણ્ય અને ત્રેતાયુગમાં સત્યમંદિર તરીકે જાણીતું હતું.

સૂર્યપુત્ર યમે ત્યાં શિવ-ઉમાના દર્શન માટે ઘોર તપ કરી બ્રહ્માની પુત્રી અને શીવપત્ની ઉમાનાં યોગિની સ્વરૂપોની બ્રાહ્મણો, વણિકોના રક્ષણાર્થે સ્થાપના કરી હતી. આ શિવપત્ની રમ્ય, અષ્ટભુજાયુક્ત, મેઘ જેવાં શ્યામ, મનોરમ, કાળાં વસ્ત્ર પહેરેલ, વાઘ પર બિરાજમાન, સૌમ્ય, શાંત, કુલ-માતૃકા છે.

શ્રીમાતા અને મહાદુષ્ટ કર્ણાટક દૈત્યના ઉપાખ્યાનમાં દૈત્યની ચેષ્ટા જોઈએ તો - તે પરાક્રમથી અભિમાની, દેવો અને દાનવો માટે દુઃસહ, દુષ્ટ કર્મો કરનારો, ત્રૈલોક્યને જીતીને તે મરજી મુજબ ભ્રમણ કરતો હતો. દેવો, ઋષિઓ હોય ત્યાં ગુપ્ત રીતે બળજબરીથી વિઘ્ન કરતો. આથી વેદાધ્યયન, સંધ્યા-ઉપાસના, યજ્ઞો દેવપૂજા વગેરે અટકી ગયાં. પરંતુ શ્રીમાતાના ભયથી તે ધર્મારણ્યમાં પ્રવેશી શકતો નહીં. દૂરથી વેદના અધ્યયનનો ધ્વનિ સાંભળીને તેને વ્યથા થતી. વિવાહ સમયે બ્રાહ્મણનું રૂપ ધારણ કરી ઉત્તમ સ્ત્રીઓને ઉપાડી ગગનમાં જતો રહેતો. જાતિસ્વભાવથી દ્વેષી તે તેમની સાથે રમણ કરતો, નિત્ય દંપત્તિને વિઘ્ન કરતો, આથી ઉદ્વેગ પામેલા બ્રાહ્મણો વણિકો તે મનોરથ સ્થાનનો ત્યાગ કરી અન્ય તીર્થસ્થાનોએ ભાગી ગયા. ગામ ઉજ્જડ-વેરાન બની ગયું. પછી બધા વણિકો અને દ્વિજો કર્ણાટકના વધ માટે મંત્રણા કરવા એકઠા મળ્યા. એટલામાં દૈવયોગે આકાશવાણી થઈ કે, 'બધાં દુઃખ તથા ઉપદ્રવોને શાંત કરનારી શ્રીમાતાની આરાધના કરો'.

આકાશવાણીથી બ્રાહ્મણો વણિકોની આંખો હર્ષથી ચમકી ઉઠી. તેમણે ઉત્તમ બલીથી શ્રીમાતાની ગંધ, પુષ્પ, સ્નાનાદિથી અર્ચન અને સ્તુતિ કરી કહ્યું - 'હે સુરેશ્વરી ! બ્રહ્મા, વિષ્ણુ, મહેશ તારે શરણે આવે છે. તું જ સાવિત્રી, શ્રી અને ઉમા છે.' તેમણે પોતાની આપવીતી જણાવી કહ્યું કે, 'તું જ અમારી રક્ષક 'કુળદેવતા' છે. દ્વિજોને વિઘ્ન કરનાર, દુષ્ટ દાનવને હણ'. આ સ્તુતિથી શ્રીમાતા સંતુષ્ટ થયાં. ક્રોધથી ભૃકુટી તંગ બની, મુખ; નેત્ર; નાસિકા અને કાનમાંથી અગ્નિજ્વાળાઓ ભભૂકી બહાર નીકળવા લાગી. પોતાના તેજથી મરજી મુજબ રૂપ ધારણ કરનારી કાલી, તેજસ્વી મુખવાળી, 'માતંગી' બની તે વડની પાસે પ્રગટ થયાં. સમાન બળ ધરાવતાં અનેક શસ્ત્રાસ્ત્રથી યુક્ત માતંગી અને કર્ણાટક વચ્ચે કેવું તુમૂલ યુદ્ધ થયું તેનું રોચક વર્ણન પુરાણકાર અહીં કરે છે :

વિશ્વજનની, ભુવનેશ્વરી માતંગીએ હાથમાં ત્રિશૂળ લઈ સિંહનાદ કર્યો. ઋષિઓ વણિકો અને બ્રાહ્મણોના દેખતાં માતંગીએ વિહ્વળ શત્રુને અસ્ત્રો વડે છેદ્યો. દૈત્યે માતાને છાતીમાં બાણ માર્યું. દેવીએ ત્રિશૂળનો ઘા કર્યો. અસુરે મુષ્ટિપ્રહાર કર્યો. દેવીએ તેને નાગપાશથી બાંધ્યો. દૈત્યે ગરુડાસ્ત્ર છોડ્યું. દેવીએ

નારાયણાસ્ત્ર છોડ્યું. તો દૈત્યે લોઢાના પરિઘનો પ્રહાર કર્યો. દેવીએ મુષ્ટિપ્રહારો વડે દૈત્યને ચૂર્ણ કર્યો. મૂર્છામાંથી ઊભા થઈ દાનવે શતઘ્ની (સો જણને મારે તેવી)નો પ્રહાર કર્યો. આગળ જતાં દૈત્યે રાક્ષસી માયા કરી અદ્રશ્ય થયો. દેવીએ સુરાપાન કરી આહ્વાન આપ્યું. કોપે ભરાયેલ માતંગીએ દાનવને મુખમાં નાંખ્યો, તો દાનવ નાસિકાના છિદ્રમાંથી બહાર નીકળ્યો. કોપિત માતંગી દાંત વડે હાકડાં, મેદ, મજ્જા, માંસ સહિત તેને ચાવી ગયાં. છિદ્ર ન મળે તેથી દેવીએ મોં અને નાસિકા બંધ કર્યાં, તો તે કાનના છિદ્રમાંથી નીકળી ગયો. મહાદેવીએ તે કર્ણમાંથી નીકળ્યો હોવાથી તેનું નામ ‘કર્ણાટક’ પાડ્યું.

આમ વારંવાર યુદ્ધ માટે આવતાં દેવીએ તેના વધનો ઉપાય વિચારવા લાગ્યાં. એવામાં કર્ણાટકે માયારૂપ ધારણ કરી સોળ વર્ષનો સુંદર યુવાન બની શ્રીમાતા સમક્ષ લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. દેવીએ કહ્યું કે ‘મારી નાની બહેન શ્યામલા (શ્યામા) વિવાહ માટે વિપ્રની ઈચ્છા રાખે છે. તેને કોઈ પરણે નહીં એટલે મારા પિતાએ એ તારા માટે રાખી છે. પ્રથમ તું તેને પરણ.’ એટલે ‘પ્રતાપી’ નામની શક્તિ ઉગામીને ક્રોધિત દુષ્ટ કર્ણાટક શ્યામલાને હણવાની ઈચ્છાથી દોડ્યો. મહામના શ્યામલાએ યુદ્ધની તૈયારી કરી. આ તુમુલ યુદ્ધ ત્રણ માસ ચાલ્યું. માઘ વદ ત્રીજને દિવસે ધર્મારણ્યમાં બપોરે શ્યામલાએ પર્વતના શિખર જેવું તેનું મસ્તિક ભૂમિ પર પાડ્યું. વિપ્રો વગેરે માતાનો જય-જયકાર કરવા લાગ્યા. ગીત, નૃત્ય સાથે દેવીનું નૈવેદ્ય થયું. સુંદર મોટેરક (મોઢેરા) સ્થાનમાં શુભ વાણીથી દેવીની સ્તુતિ કરવા લાગ્યા. સ્તુતિથી પ્રસન્ન દેવીએ બ્રાહ્મણોને વરદાન માગવા કહ્યું.

બ્રાહ્મણોએ કહ્યું, ‘હે દેવી ! તારો મનગમતો બલિ અમે આપીશું. અમારાં દંપતીની રક્ષા માટે તું અહીં સ્થિર થા.’ દેવીએ કહ્યું - ‘બધા દ્વિજો સ્વસ્થ બનો. હું છું. દુર્ઘર્ષ રાક્ષસો, શકિની, ભૂત, પ્રેત, ગ્રહો વગેરે મારા શાસન સુધી તમને નહીં પીડે. વિવાહ થવાનો હોય ત્યારે મહોત્સવ કરી દંપતીના હિત માટે મારું પૂજન કરનારની બધી બાધાઓનો હું નાશ કરીશ.’

દ્વિજોના પૂછવાથી દેવીએ તેમની સમગ્ર પૂજા અને વિવાહ વગેરેના મહોત્સવનો વિધિ જણાવ્યો. ત્યાર પછી દેવીની કૃપાથી ધર્મારણ્યમાં સઘળી પ્રજાઓ શાંત થઈ. હર્ષ પામેલા હૃદયવાળા વિપ્રો અને વણિકોએ બ્રહ્મપુત્રીની પૂજા કરી.

પૃથ્વીમાં ફરી કર્ણાટક ઉત્પન્ન થયો. ભયથી સત્યમંદિરનો ત્યાગ કરી જતાં જતાં ક્ષયરોગનું રૂપ ધારણ કર્યું. મારી પ્રીતી માટે બ્રાહ્મણો, વણિકો માઘ માસમાં નિર્વિઘ્ન થાય એટલા માટે ત્રણ દળવાળા અનાજથી, મૂળા વડે, તલના તેલથી, દ્રઢ યક્ષ્મવ્રત કરી ક્ષયરોગ - યક્ષ્માના ઉપચાર માટે નિરંતર એકવાર ભોજન કરવું, એમ કહેતો ગયો. વિશાળ દેહવાળા તેણે દક્ષિણ દિશામાં સમુદ્રતટે પોતાના ‘કર્ણાટક’ નામનો ઉત્તમ દેશ સ્થાપ્યો; જે આજે ‘કર્ણાટક’ રાજ્ય તરીકે જાણીતો છે.

મા ભગવતી ઉમા; જે વિપ્રો અને વણિકોની કુળદેવી શ્રીમાતાનું વિવાહ, સમીન્ત, યજ્ઞોપવીત આપતી વખતે અને શુભ કાર્યમાં સ્મરણ કરવાથી બધા ઉપદ્રવો અને વિઘ્નો દૂર કરે છે. જેમ દરેક કાર્યના આરંભે ગણપતિનું તેમ કુલમાતા શ્રીમાતાનું આજે પણ મોઢેરામાં મોઢ વિપ્રો અને વણિકો સદૈવ પૂજા-અર્ચન કરે છે.

સંદર્ભ :

❖ અનુ. શ્રી શાંતિલાલ ઠાકર, સ્કન્દપુરાણ, બ્રહ્મખંડ, ધર્મારણ્યમાહાત્મ્ય, સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ, પ્ર.આ. - ૧૯૭૩, આ. ૧૭,-૧૮, પાન નં. ૮૬૩ થી ૮૬૮.)



ડૉ. સમીરકુમાર કે પ્રજાપતિ

વિભાગ : ૨ પાટીદારોની ઉત્પત્તિ, ઈતિહાસ અને ભ્રમણો

કડવા પાટીદારોના બંધુકા વિવાહ અને ગોળ પ્રથા

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

બંધુકાવિવાહ વિશે જાણવા જેવી કેટલીક વાતો નીચે મુજબ છે :

૧. આ બંધુકાવિવાહમાં માતાજીના પૂજારીઓ દસવર્ષીય વિવાહનું મુહૂર્ત કાઢતા, જે સમયે ઊંઝાના મોલ્લોત અને રૂસાત શાખના લગ્ન કાઢનારા પટેલો હાજર રહેતા.

૨. બંધુકાવિવાહથી ઓળખાતા આ લગ્નનું મુહૂર્ત મોટે ભાગે મહા માસમાં કાઢવામાં આવતું અને લગ્નોત્સવ વૈશાખ સુદ-૧થી પૂનમ સુધી ઊજવાતો. મુહૂર્ત વહેલું કાઢવા પાછળનું કારણ કડવા પાટીદારો વિશાળ ભૂપૃષ્ઠ પર પથરાયેલા હોઈ લગ્નપડો (લગ્નતિથિ) સમય પહેલાં માળવા-ઝાલાવાડ-કાઠિયાવાડ-કચ્છ, ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં પહોંચાડી શકાય. તે વખતે રેલ-બસ જેવી સુવિધા ન હોવાથી લગ્નિયા ચાલતા કે ક્યારેક ઘોડેસવાર સાથે જતા. લગ્ન લઈને જનાર બ્રાહ્મણો સાથે હથિયારબંધ ચોકીદારો રહેતા. લગ્ન લઈ જનારાઓને 'લગ્નિયા તરીકે' સંબોધવામાં આવતા હતા.

૩. શ્રી ઉમિયામાતાજીના મંદિરે આખા ખીજડાનો માણેકસ્તંભ રોપવામાં આવતો. જેથી જ્ઞાતિના કોઈ પણ વ્યક્તિને ઘેર માણેકસ્તંભ રોપવામાં આવતો નહીં. બધા જ જ્ઞાતિજનો વતી માતાજીના મંદિરે જ માણેકસ્તંભ રોપાતો. છેલ્લા બેત્રણ બંધુકાવિવાહ દરમ્યાન ઘેર ઘેર માણેકસ્તંભ રોપાવો શરૂ થયો હતો.

૪. આ બંધુકાવિવાહના સમયે ૪૫ દિવસથી માંડીને દસ વર્ષ સુધીના તમામે-તમામ (બીજવર હોય - નાતરું હોય તો મોટી ઉંમર પણ હોય) વરઘોડિયાંને પરણાવી દેવામાં આવતાં.

૫. માણેકસ્તંભ રોપવાની વિધિ અને તેની પૂજા-અર્ચનામાં ઊંઝાના મોલ્લોત અને રૂસાત શાખના પાટીદારો અગ્રસ્થાન ભોગવતા હતા.

૬. બંધુકાવિવાહનું મુહૂર્ત નક્કી કરી લગ્નિયા લગ્ન લઈને છૂટતા. આ લગ્નમાં કંકુપડો, મુહૂર્ત દર્શાવતી લગ્નપત્રિકા, સોપારી, ખારેક, શિંગોડાં આદિ માંગલિક દ્રવ્યો મૂકવામાં આવતાં.

૭. લગ્નિય જુદાં જુદાં સાત સ્થાનોએ લગ્નો લઈને જતા. જુદા જુદા લગ્નિયા અનુક્રમે અસારવા, અમદાવાદ, ધામનોદ, માળવા, ઈન્દાર, કાઠિયાવડ, ઝાલાવાડ, કચ્છ અને દક્ષિણ ગુજરાતમાં જતા.

૮. આ લગનિયા જે જે વિસ્તારોમાં લગ્ન લઈને ગયા હોય ત્યાં તેર 'કુંટો' (કુંટો એટલે કડવા કણબીઓની પેટા શાખો કે



ઓળખો)નાં બૈરાં ભેગા થઈને આવી લગ્ન વધાવી લેતાં. આ લગ્ન વધાવ્યા બાદ દરેક શાખના માણસો લગ્ન લઈ આવનારાને રોકમ રકમ આપતાં. માળવા, કચ્છ, કાઠિયાવાડ, અસારવા, અમદાવાદ, ઝાલાવાડ, દક્ષિણ ગુજરાત સર્વે જગ્યાએ આવો એકસરખો જ રિવાજ હતો.

૯. બંધુકાવિવાહમાં જાનો પંદર દિવસ સુધી રોકાતી. સમાજના પ્રત્યેક ઘેર લગ્નાત્સવ યોજાયો હોઈ ઉત્સાહનું વાતાવરણ ચોતરફ જોવા મળતું. મોટે ભાગે તો એવું બનતું કે જે ઘેર મુરતિયો પરણવા ગયો હોય તે ઘેરથી કન્યાનો ભાઈ પરગામ પરણવા ગયો હોય.

૧૦. કડવા પાટીદારોના લગભગ પ્રત્યેક ઘેર જુદાં જુદા ગામોએથી જાનો આવી હોય અને જુદાં જુદાં ગામોએ જાનો ગઈ હોય તેવું બનતું.

૧૧. બંધુકાવિવાહના પહેલા દિવસે કંસાર બનાવવામાં આવતો, બાકીના દિવસોએ ચૂરમું બનાવવામાં આવતું અને ખાજા પડાવી રાખવામાં આવતા. ખાજા ઉપર ઘી રેડીને ખોબો ખાંડ નાખવામાં આવતી. ખાજા ચૂરમું-કંસાર જેવી વાનગીઓથી લાંબો બગાડ થતો નહીં.

૧૨. 'બંધુકાવિવાહ'નાં લગભગ બધાં જ લગ્નો બાળલગ્નો હતાં. વળી જાન પંદર દિવસ જેટલા સમય સુધી રોકાતી હોઈ વર-કન્યા આ લગ્નોત્સવ દરમ્યાન સાથે રમતાં-ઘૂમતાં-ફરતાં એમ બનતું. આ જાનો પંદર દિવસ સુધી રોકાતી હોવાને કારણે સમગ્ર જ્ઞાતિજનોમાં એક અજબ પ્રકારનો ઘરોબો રચાતો. વળી જાનૈયા-જાનડિયોને જે તે ગામ વિશે, તેની ખેતીવાડી વિશે, રીતરિવાજો વિશે ઝીણામાં ઝીણી માહિતી મળી રહેતી. જાનમાં આવેલી જાનડિયો કૂવેથી પાણી ભરી લાવે, છાણ નાંખી આવે, રસોઈમાં મદદ કરે, વાસણકૂસણ ઊટકી નાખે તેવાં કાર્યો કરતી.

૧૩. જાનો આવ્યા બાદ દસેક દિવસ પછી આવતી માંડવરાત્રીના દિવસે વરકન્યાનો હસ્તમેળાપ અને ફેરા ફેરવવામાં આવતાં. આ વખતે કન્યાનું માથું વિશિષ્ટ રીતે ગૂંથવામાં આવતું હતુ.

૧૪. ઘણી વખત આખા ગામ વચ્ચે એક જ ગોર મહારાજ મંત્રોચ્ચાર કરતા અને ઘેર ઘેર વરકન્યાના વિવાહ થતા એમ પણ બનતું. ક્યારેક આખા મહોલ્લા-વાસ-ફળિયા વચ્ચે એક ગોર મહારાજ દૂર દૂર બેઠા બેઠા મંત્રોચ્ચાર કરે અને લગ્નવિધિ ચાલતી હોય. આ લગ્નોત્સવ વખત ગોર મહારાજ મળતા નહીં ત્યારે ગોરાણી આવીને લગ્નો કરાવતી હોવાની માહિતી મળે છે. આ ભોળો પાટીદાર સમાજ પોતાની કુળદેવી શ્રી ઉમિયામાતાજી, પોતાના આગેવાનો અને ચમત્કારમાં અત્યંત આસ્થા ધરાવતો હતો.

૧૫. 'બંધુકાવિવાહ'માં જાનો મોટે ભાગે લાકડાના પૈડાવાળા ગાડામાં જતી, ગાડા ઉપર મોચી બાંધી હોય, તેમાં જાનડિયો બેસતી, બળદોને ભરત ભરેલા અને ખાપો (આભલા) જડેલા ઓઢા (આખું શરીર ઢંકાય તેવા ઓઢા) ઓઢાડવામાં આવતા. બળદોના શીંગડે ભરત ભરેલી અને ખાપો જડેલ શીંગડિયો પહેરાવવામાં આવતી. જ્યારે કપાળ ઉપર ભરત ભરેલા ને ખાપો (આભલા) જડેલા, નીચે ફૂમતાં લટકાવેલ 'મશિયાળ' પહેરાવવામાં આવતા. બળદોના કોટે ઘુઘરમાળ



બાંધવામાં આવતી. ક્યારેક ગાડાના લાકડાના પૈડાના આરાઓ ઉપર પણ ઘૂઘરીઓ ને ઘૂઘરા બાંધવામાં આવતા. આવા ત્રણ-ચાર, ક્યારેક વધારે ગાડાંમાં જાનો જતી ત્યારે વગડો ટહુકી ઊઠતો, જાનો સાથે ચોકિયાત લઈ જવામાં આવતા. ગાડાના ભંડારિયામાં હથિયારો રાખવામાં આવતાં.

૧૬. જાનડિયોનો પરંપરાગત પોષાક. અને આભૂષણો પણ ધ્યાનાકર્ષક હતા. જાનડિયો પગમાં ચાંદીના વેટલા, જોડલા, કડલાં (જેનું વજન દોઢ શેર- બશેર જેટલું રહેતું) કાંબી વગેરે પહેરતી. જ્યારે હાથે ‘દાંણીઆં’ (તાંબાના બનાવેલા પણ તેના ઉપર સોના કે ચાંદીની ખોલ મઢેલા) હાથીદાંતનાં કડલાં, ચિણિયો,ચૂડલો પહેરતાં, હાથની કોણી પાસે સોનાનું લોકિટ કે કડું પહેરતી, કાને લવિંગિયાં, વાળિયો, ઢોલિયાં વગેરે પહેરતી, જ્યારે ગળામાં ‘રોમનુંમી’, ઓસડી, મગમાળા, કાળિયું વગેરે પહેરતી.

જ્યારે પોષાકમાં ભરત ભરેલા ચાંદીના કસબવાળા કમખા કે કાંચળી પહેરતાં. બંગાળાનો ચણિયો, સાડલામાં કોરાળા, મદ્રાસિયા અને કસુબલિયા પહેરતાં જે સાડીઓના પાલવ ભરત ભરેલા રહેતા. ત્રણ પ્રકારનાં ગવન પહેરતાં. જાનડિયો મોટે ભાગે આવાં ગવનો, કસુબલિયા અને લહેરિયાં પહેરતી. જ્યારે જે કન્યાનું લગ્ન થવાનું હોય તેને પરંપરાગત રીતે ‘મદ્રાસિયું’ પહેરાવવામાં આવતું હોવાની માહિતી મળે છે.

કડવા પાટીદાર સમાજનો ભવ્ય સાંસ્કૃતિક વારસો કાળના પ્રવાહમાં લુપ્ત થઈ રહ્યો છે. ત્યારે આ જ્ઞાતિના પરંપરાગત વ્યવસાયનાં ઓજારો, ઘરના રાચરચીલાની વિશેષતાઓ, પહેરવેશ, આભૂષણો, રહેઠાણની વિશેષતાઓને લગતું એક સંગ્રહાલય બનાવવાનો સમય હવે પાકી ગયો છે.

: પાદટીપ :

૧. શાસ્ત્રી કે. કા.; બૃહદ ગુજરાતી કોશ, પ્રથમ આવૃત્તિ ૧૯૮૧; પ્ર. યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.

૨. પરીખ પુરુષોત્તમ લલ્લુભાઈ; કણબી ક્ષત્રિય ઉત્પત્તિ અને ઈતિહાસ આવૃત્તિ ત્રીજી ૧૯૮૯, પ્ર ઉમિયા પ્રકાશન, અમદાવાદ, પૃ. ૬૧.

૩. કુટુમ્બીન શબ્દપ્રયોગ એટલા માટે કર્યો છે. તે વખતના રાજ્યશાસનમાં આ જ્ઞાતિને કુટુમ્બીન તરીકે ઓળખવામાં આવતી હતી. પાટણના રાજા કર્ણદેવ તેના તામ્રપત્રમાં કુટુમ્બીન તરીકે આ જ્ઞાતિને ઓળખાવી છે. વિ.સં. ૧૧૪૮ના વૈશાખ સુદ-૧૫ને સોમવારે ચંદ્રગ્રહણના દિવસે કર્ણદેવ સુણોક (તા. સિદ્ધપુર) ગામના મહાદેવની પૂજા કરી મંદિરને અર્ધ્ય આપવા માટેના પાણી અર્થે તળાવ બનાવ્યું હતું. આ તળાવના નિભાવ માટે લઘુ-ડાભી ગામના કુટુમ્બીન કણબી જશપાલ લાલાએ પોતાની જમીન દાનમાં આપી હતી. આ ઘટનાનો ઉલ્લેખ કરતું ત્રેવીસ લીટીનું અને બે તાંબાના પતરાઓમાં કોતરાયેલ દાનપત્ર મળી આવ્યું છે. જે હાલ ભો.જે. સંગ્રહાય અમદાવાદમાં છે. તેમાં કૂર્મીઓને માટે કુટુમ્બીન શબ્દ વપરાયેલ હોઈ અહીં કડવા પાટીદારો



માટે કુટુમ્બીન શબ્દ વાપરવામાં આવ્યો છે. આ કુટુમ્બીન શબ્દ પરથી 'કણબી' શબ્દ કાળક્રમે ઊતરી આવ્યો છે. આ તામ્રપત્ર ભાષાન્તર સાથે ગુજરાતના અભિલેખો ભાગ-૨માં છાપવામાં આવ્યું છે.

૪. આ બંધુકાવિવાહની પરંપરા મધ્યકાલીન સમયમાં વખતોવખત સુધારાવધારા સાથે ટકી હોવી જોઈએ. આ પ્રથા હજારો વર્ષ સુધી લગભગ ટકી તેને ઉમિયા માતાજી પ્રત્યેની પ્રચંડ આસ્થાના પ્રતીક સમી ગણવી પડે છે.

૫. મુખ્ય માહિતી દાતા ત્રિભોવનદાસ પટેલ પાસે મેળાપ કરાવનાર ઊંઝાના વિદ્યાપ્રેમી ડૉ. અમૃતભાઈ જે. પટેલે (કણાદ ક્લિનિક, ગાંધીચોક) આ માહિતી અનેક વખત સાંભળી હતી. તેમને ક્યાય આ માહિતીમાં વિસંગતા જણાઈ નથી.

આ લેખ લખનારે ઐતિહાસિક આધારો તપાસતાં આ માહિતી સંપૂર્ણપણે યથાર્થ જણાઈ છે. આ માહિતીદાતા ૧૧૦ વર્ષે પણ તંદુરસ્ત અને વિચક્ષણ બુદ્ધિ ધરાવનારા વિદ્વાન વ્યક્તિ સમા માલૂમ પડ્યા હતા.

૬. સ્વ. રામચંદ્રદાસ ભાઈચંદદાસ ઉપરિયા તે આ લેખ લખનારના વડાસસરા હતા. તેઓ ખૂબ અહોભાવ સાથે થોભણદાસ વિષેના સ્વપ્ન અને તેમની જ્ઞાતિસેવા વિશેની અનેક વાતો વખતોવખત કહેતા.

૭. પરીખ પુરુષોત્તમ લલ્લુભાઈ, કણબી ક્ષત્રિય ઉત્પત્તિ અને ઈતિહાસ, આવૃત્તિ ત્રીજી ૧૯૮૬, પ્ર. ઉમિયા પ્રકાશન, પૃ. ૧૩૬.

૮. એજન પૃ. ૧૪૧ થી ૧૪૭.

૯. એજન પૃ. ૧૪૭ થી ૧૫૦.

૧૦. એજન પૃ. ૧૬૩ થી ૧૬૪

૧૧. એજન પૃ. ૧૬૪ થી ૧૬૮

૧૨. એજન પૃ. ૧૭૬.

૧૩. એજન પૃ. ૧૭૭.

: વિશેષ :

(૧) કડવા પાટીદાર સ્ત્રીઓના મુખે ગવાતાં પુષ્કળ લોકગીતોમાં માળવાનાં સ્થાનોનો કે ત્યાંની ચીજવસ્તુઓનો ઉલ્લેખ જોવા મળે છે. આ જ્ઞાતિમાંથી રેકૉર્ડ કરેલાં અસંખ્ય લોકગીતોમાં માળવાનો ઉલ્લેખ મળે છે !! અન્ય રાજ્યના કોઈ પણ પ્રાંતનો ઉલ્લેખ બિલકુલ સાંભળવા મળ્યો નથી.

(૨) માળવાના કોઈ અજ્ઞાત રાજા બલ્લાલના પુત્ર 'કુમારસિંઘે' ઊંઝાના કાલસ્વામી મહાદેવમાં વિ.સં. ૧૨૩૧ના ચૈત્ર વદિ ૧૧ને ગુરુવારના રોજ પંચોપચારથી કીમતી વસ્તુઓ દાનમાં આપી પૂજા કરી હોવાનો શિલાલેખ હાલ ઊંઝાના મહાકાલેશ્વર મહાગદેવમાં મોજૂદ છે. પૂજા-અર્ચના અર્થે માળવાથી ઊંઝા આવવું તે માળવા- ઊંઝા વચ્ચેના સંબંધો દર્શાવે છે. આ શિલાલેખ જાળવવાની જરૂર છે.

(૩) વિ.સં. ૧૩૫૬માં ધ્વંસ થયેલા પ્રાચીન માતૃકા મંદિરના અવશેષો ઊંઝામાં અવ્યવ્યસ્ત પડેલા છે. તે એકત્ર કરી જાળવવાની જરૂર છે.

(**અમૃત પટેલ કૃત** વેદકાળથી મા ઉમિયાની પૂજા અને કડવા પાટીદરો પુસ્તકોમાંથી)



ડૉ. અમૃત પટેલ




વિભાગ : ૩ પાટીદાર જ્ઞાતિ ઇતિહાસની અટારીએથી

આચાર્ય બુદ્ધિસાગરસૂરીશ્વરજી પાટીદાર સમાજના ઈતિહાસની વિરલ ઘટના

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

આચાર્ય બુદ્ધિસાગરસૂરજી



આચાર્ય બુદ્ધિસાગરસૂરજીનો જન્મ વીજાપુરમાં ઈ.સ. ૧૮૭૫માં મહાસુદ ચૌદસને શિવરાત્રીના દિવસે; ધાર્મિક, પરદુઃખભંજન સમૃદ્ધ માનવતાવાદી કડવા પાટીદાર અગ્રણી શ્રી શીવાભાઈ અને સન્માતા શ્રી અંબાબાઈને ત્યાં થયો હતો. બહુચર માતાજીની કૃપા જોઈને 'બહેચરદાસ' નામ રાખ્યું હતું. તેઓ અજાનબાહુ હતા. એક સંતે 'આ બાળક મોટો સાધુ-જોગી થશે.' એવું ભવિષ્ય ભાખ્યું હતું એ મુજબના શરીર પર સામુદ્રિક ચિહ્નો પણ હતાં. છ ધોરણ સુધીના અભ્યાસ દરમ્યાન બુદ્ધિશાળી, લાગણીશીલ, પ્રેમાળ, દયાવાન, ચારિત્રવાન અને બહાદૂર બાળક તરીકે તેમની ઓળખ ઊભી થઈ હતી.

દેરાસરમાં માતા પદ્માવતીદેવી સમક્ષ 'સરસ્વતી મંત્રસાધના' કરી ત્યારથી ધર્મ પ્રત્યે આસ્થા જાગી હતી. બાલ્યવયે મંતરતંતર કરતા પશુબલિ ચડાવતા, લોકોને છેતરતા, ભૂવાભરાડીઓ સામે મોરચો માંડ્યો હતો. બાલ્યકાલથી વાંચન અને કાવ્યલેખનનો શોખ હતો. એકવાર સંત શિરોમણી મુનિ શ્રી રવિસાગરજીને ભડકેલી ભેંસથી બચાવવા બદલ ઉપાશ્રયે આવવાનું આમંત્રણ મળતા ત્યાં ગયા તેમની નિડરતાના વખાણ થયા ત્યારથી તેઓ અવારનવાર ઉપાશ્રયે જવા લાગ્યા. તેમની ઉત્કંઠા જોઈને ગુરુએ તેમને શાસ્ત્રાભ્યાસ કરવા પાઠશાળામાં દાખલ કરાવ્યા અને ત્યાં જૈનધર્મનાં આચરણો પાળવાં લાગ્યાં. બહેચરનો જૈનધર્મ પ્રત્યેનો લગાવ જોઈને ઘણા લોકો હાંસી ઉડાવતા હતા. તેની પરવા કર્યા વિના દર્શન, સેવા-પૂજા અભ્યાસ, સ્વાધ્યાય, પ્રતિક્રમણ, સંતસેવા વગેરે નિત્યજીવનમાં જાળવી રાખ્યા. આ સમય દરમ્યાન તેમને વીજાપુર નજીકના આજોલ ગામથી મુનિશ્રીનું ભણાવવા માટેનું આમંત્રણ મળ્યું. આમંત્રણનો તેમણે સ્વીકાર કર્યો. ત્યાં શ્રી વિનયવિજયજી મહારાજસાહેબનો સહવાસ થતા જૈનધર્મનાં અસ્સલ તત્ત્વની પરખ થઈ. સમય જતા તેમણે સંસ્કૃત પ્રાકૃત, પાલિ, અર્ધમાગધી વગેરે ભાષાનું જ્ઞાન પ્રાપ્ત કરીને અધ્યયન કર્યું. મુનિ શ્રી કર્પૂરવિજયજીની ઉપદેશ આપવાની ઉત્તમ શૈલી, વૈરાગ્યદશા અને ચારિત્ર્યભાવથી તેઓ ખૂબ પ્રભાવિત થયા.

આજોલથી પૂ. વિરસાગરજીની પ્રેરણાથી વધુ અભ્યાસ માટે મહેસાણામાં 'યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા'માં તેઓ દાખલ થયા. અહીં તેમણે પુરાણ, ભાગવત, ગીતા, વેદાંત તથા પંથ-પરંપરાના ગ્રંથોનો અને જૈનદર્શનનું તલસ્પર્શી અધ્યયન કર્યું. તેમણે શ્રી કપૂરવિજયજી પાસે આજીવન બ્રહ્મચારી રહેવાની પ્રક્રિયા લીધી. પાલિતાણા તળેટીની ગુફામાં અઠ્ઠમતપનું વ્રત કરીને દેવીને પ્રસન્ન કર્યા. મહેસાણાં છપ્પનિયા દુષ્કાળ સમયે ઘણું રાહતકાર્ય કર્યું. માતા-પિતાનાં અવસાન પછી પાલનપુરમાં ગુરુ સુખસાગરજી પાસે વિધિપૂર્વક ઈ.સ. ૧૯૦૦માં દીક્ષા અંગીકાર કરીને બહેચરમાંથી 'મુનિબુદ્ધિસાગર' બન્યા. દીક્ષા

લીધા પછી તુરત જ તેમણે ધર્મપ્રચાર અને ધર્મરક્ષણકાર્યની શરૂઆત કરી.

તેમના પહાડી અવાજમાં વીરતાનો ધબકાર, હૃદય સુકોમળ અને ચહેરા પર મસ્ત ફકીરની બેપરવાહી હતી. એક જ દિવસમાં ત્રણસો ગાથાનું સૂત્ર કંઠસ્થ કરીને તેમણે પોતાની પોતાની બુદ્ધિપ્રતિભાનો પરિચય આપ્યો હતો. તેમણે પ્રથમ ચાતુર્માસ સુરતમાં કર્યું ત્યાં તેમણે ઘણી મંત્રસાધના કરી. સુરતમાં ખ્રિસ્તી ધર્માવલંબીઓએ જૈનધર્મ પર અણછાજતી ટીકાઓ કરતું પુસ્તક છપાવ્યું. તેનાથી બુદ્ધિસાગરજીનું દિલ ખૂબ ઘવાયું અને 'જૈન-ખ્રિસ્તી સંવાદ' પુસ્તક લખ્યું. ત્રણ ખ્રિસ્તી મિશનરીઓ સામે પોતાની બુદ્ધિ ચાતુર્યથી નિરૂત્તર કરીને ધર્મતત્ત્વનો પરિચય કરાવ્યો. તેમનું વિહારકર્મ મુખ્યત્વે સુરત અને વડોદરા આસપાસ રહ્યું હતું. સુરતમાં 'સૂરિ રત્નસાગરજી જૈન બોર્ડિંગશાળા' પરિસરથી જાહેરમાં ભાષણ કરવાની શરૂઆત કરી.

વિહાર દરમ્યાન પ્રાચીન મંદિરોની જાળવણી અને જીર્ણોદ્ધાર માટેનું કાયમી ફંડ ઊભું કર્યુ. આકરી તપસ્યા કરીને યોગનિષ્ઠ થયા હતા. તેમણે દ્વિતીય ચાતુર્માસ વડોદરાના પાદરામાં કર્યો. માણસા, મહેસાણા, પેથાપુર તેમની અદ્‌ભુત શૈલીથી સૌ પ્રભાવિત થયા અને ખાસ યુવાવર્ગ આકર્ષાયો. મહેસાણા, પેથાપુર અને વિજાપુરનાં બોરિયા મહાદેવના મંદિરમાં યોગી સદાશિવ સરસ્વતીના આદરસત્કારથી ત્યાં રોકાયા અને પ્રાણાયામ, ધ્યાન, હઠયોગ, હિપનોટીઝમ, મેસ્મેરીઝમ વગેરેની સાધના કરી. ઈ.સ. ૧૯૦૫નો ચતુર્માસ તેમણે વિજાપુરમાં કર્યો. ત્યાં ગ્રંથલેખન, વ્યાખ્યાન વગેરે પ્રવૃત્તિ કરી. ઈ.સ. ૧૯૦૬માં અમદાવાદ ખાતે ધર્મપ્રવૃત્તિ સાથે રાષ્ટ્રઉત્થાનની પ્રવૃત્તિઓ કરી. કતલખાનો દેશ વ્યાપી વિરોધ કરાવ્યો. શુક્લતીર્થમાં ઓમકારનાથ મહાદેવનાં મંદિરે પુરોહિતો તદુપરાત અન્ય સ્થળોએ સાહિત્યકારો, વેદાંતીઓ અને વિવિધ પંથના સાધુ, સન્યાસી, સંત, મહાત્માઓ સાથે વિચારવિમર્શ કર્યો.

ગ્રંથપ્રકાશન અખંડ ચાલુ જ રહે એ માટે તેમણે માણસા ગામમાં 'અધ્યાત્મજ્ઞાન પ્રસારકમંડળ'ની સ્થાપના કરીને પુષ્કળ ભંડોળ એકઠું કર્યું અને નિયમો નક્કી કર્યા. વડોદરા પરિભ્રમણ સમયે સયાજીરાવ ગાયકવાડના રાજદરબારમાં 'આત્માની ઉન્નતિ' વિષય પ્રલંબ પ્રવચન કર્યું. મુંબઈ ચાતુર્માસ દરમ્યાન ઠેરઠેર પાઠશાળા, જ્ઞાનભંડાર વગેરેની સ્થાપના કરી. રાજા, મહારાજાઓ અને શ્રેષ્ઠીઓમાં માનભર્યું તેમનું સ્થાન હતું મુંબઈમાં મંગલ પ્રવેશ સમયે જૈન શ્રેષ્ઠીઓએ તેમનું અદ્‌ભુત સ્વાગત કર્યું હતું. ઈ.સ. ૧૯૧૩માં તેમને 'આચાર્ય' અને 'શાસ્ત્રવિશારદ'ની પદવી મળી અને પંડિતોએ 'શાસ્ત્રવિશારદ'ની પદવીથી વિભૂષિત કર્યા ઈ.સ. ૧૯૨૪ના ચાતુર્માસ દરમ્યાન વીજાપુરમાં ધર્મપ્રચાર સાથે જ્ઞાનમંદિરનું કાર્ય પૂર્ણ કરાવ્યું. આભડછેડ અને કન્યાવિક્રય પ્રથા બંધ કરાવવા માટે મહાઅભિયાન શરૂ કર્યું હતું.

ઈ.સ. ૧૯૨૫માં મૃત્યુનો પૂર્વભાષ થતાં ઝડપથી સત્તાવીશ ગ્રંથો પ્રકાશિત કર્યા. યોગનિષ્ઠ આચાર્ય શાસ્ત્રવિશારદ શ્રીમદ્ બુદ્ધિસાગરજીએ પચ્ચીસ વર્ષમાં અનેક કાર્યો કર્યા. અને સવાસો ગ્રંથોનું સર્જન કર્યું છે. તેમાંથી ૧૦૮ ગ્રંથો પ્રકાશિત થયા છે. જેમાં 'અધ્યાત્મશાંતિ', 'આત્મતત્વદર્શન', 'આનંદઘનપદસંગ્રહ', 'ઈશાવાસ્યોપનિષદ ભાવાર્થ', 'કક્કાવલી સુબોધ'. 'ગુજરાત-વિજાપુર વૃત્તાંત' 'જૈનધાતુ પ્રતિમા લેખસંગ્રહ', 'જૈન ધર્મ અને ખ્રિસ્તી ધર્મનો મુકાબલો', 'જૈન રાસમાળા', 'જૈનોપનિષદ', 'જૈન શંકાસમાધાન', 'તત્વજ્ઞાનદીપિકા', 'પત્રસદોપદેશ', 'પરમાત્મજયોતિ', 'યોગદીપક', 'ષડ્‌દ્રવ્યવિચાર', 'શ્રીમદ્ દેવચંદ્ર' વગેરે મુખ્ય છે. તેમની સર્જનગંગા સંસ્કૃત, ગુજરાતી અને હિન્દી ભાષામાં વહી છે. તેમનાં પદો અને ભજનો જૈન-જૈનેતર ઉભયમાં લોકપ્રિય બનેલા છે.

તેમણે દિવ્યદ્રષ્ટિથી સો વરસ પહેલા કરેલી ભવિષ્યવાણી આજે સાચી પડતી જોઈને લોકો હેરત પામે છે. તેમનું ભવિષ્યકથન આ મુજબ રચાયેલું મળી આવે છે :

એક દિન એવો આવશે, એક દિન એવો આવશે,
મહાવીરના શબ્દો વડે, સ્વાતંત્ર્ય જગમાં થાવશે...
સહુ દેશમાં સ્વાતંત્ર્યનાં શુભ દિવસે વાધો વાગશે,
બહુ જ્ઞાન વીરો કર્મવીરો, જાગી અન્યને જગાવશે...
અવતારી વીરો અવતરી કર્તવ્ય નિજ બજાવશે,
અશ્રુ ત્યહીં સૌ જીવનાં, શાંતિ મિલી પ્રસરાવશે...
સહુ દેશમાં સૌ વર્ણમાં, જ્ઞાનીજનો બહુ ફાવશે,
ઉદ્ધાર કરશે દુઃખીનો, કરુણા ઘણી મન લાવશે...
સાયન્સની વિદ્યા વડે, શોધો ઘણી જ ચલાવશે,
જે ગુપ્ત તે જાહેરમાં અદ્‌ભુત વાત જણાવશે...
એક ખંડ બીજા ખંડની ખબરો ઘડીમાં આવશે,
ઘરમાં રહ્યા વાતો થશે, પરખંડ ઘર સમ થાવશે,
બુદ્ધિસાગર પ્રભુ મહાવીરનાં તત્ત્વો જગતમાં વ્યાપશે...


બુદ્ધિસાગરસૂરિજીની પ્રતિમા

મહુડીમાં વિશાળ પરિસરમાં ગુરૂકુળ અને જિનાલયનું નિર્માણ કરાવ્યું હતું. જે આજે શુક્લધ્યાન અને યોગસાધના અને પવિત્ર યાત્રાધામ તરીકે મહુડીનું જૈનમંદિર સુપ્રસિદ્ધ છે. દર વર્ષે હજારો લોકો ત્યાં આવે છે. ઘંટાકર્ણ મહાવીરનું મંદિર પછી એક બુદ્ધિસાગરસૂરિને સમર્પિત ગુરુમંદિર બનાવવામાં આવ્યું હતું મંદિર સ્થાપના સમયે કરેલા નિયમોનું આજે પણ ચૂસ્તપણે પાલન કરાવવા આવે છે.


મહુડી ઘંટાકર્ણવીર મંદિરની સ્થાપના

ઈ.સ. ૧૯૨૫માં વીજાપુરની વિદ્યાશાળાના ઉપાશ્રયમાં તેમનો દેહ વિલય થયો ત્યારે અઢારેય વર્ણના લોકો તેમના દર્શનાર્થે પધાર્યા હતા. બે દિવસ સુધી સમગ્ર વીજાપુરમાં અસાધારણ માનવમેદની હતી, અઢળક શોકસંદેશાઓ આવ્યા હતા. એક કડવા કણબીની જૈનસૂરિ સુધીની જીવનયાત્રા ખરેખર પ્રભાવક લાગે છે. જૈનધર્મની પરંપરામાં ઉંચેરા સ્થાને આદર મેળવનાર બુદ્ધિસાગરસૂરિજી એક પ્રબદ્ધ અભ્યાસુ, વિદ્વાન લેખક, પરિવ્રાજક, ગૌરવશીલ પ્રભાવસાધુ તરીકે સુખ્યાત થયા છે. જે કડવા પાટીદાર સમાજના ઈતિહાસની સુવર્ણાક્ષરે લખી શકાય તેવી વિરલ ઘટના છે.


- ડૉ. ભાવેશ જેતપરિયા

પાટીદાર સુરાપુરા

પાંચાબાપા ગાંગડીયા

ગામ : લાલાવદર, તા. અમરેલી

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

ગાંગડીયા પરિવાર ગામ કેરીયાનાગસ, તા.અમરેલી, જી. અમરેલી



પાંચાબાપા ગાંગડીયાની ખાંભી

ગામ : લાલાવદર, તા. અમરેલી, જિ. અમરેલી

કેરીયાનાગસ ગામે જન્મેલા કડવા પાટીદારમાં ગાંગડીયા અટકમાં પાંચા બાપાની ખાંભી લાલાવદર ગામની સડક કાંઠે પૂજાય છે. શૂરાપુરાબાપાનું દેવ મંદિર (ડેરી) બનાવેલ છે. કડવા પાટીદાર શ્રી પાંચા બાપા ખુબ જ મહેનતુ અને હિંમતવાળા હતા. પાંચા બાપાએ પોતાના ખેતરે શેરડી વાવેલી. આ શેરડી જ્યારે પાકી ત્યારે તેનો ગોળ બનાવવામાં આવેલ આ ગોળના માટલા ગાડામાં ભરી પાંચાબાપા લીલીયા ગામે જતા હતા ત્યારે રસ્તામાં લુટારાઓ આવેલા અને બાપાને કહ્યું કે તમારી પાસે જે હોય તે અમને આપી દ્યો. ત્યારે શુરવીરતાથી બાપાએ કહ્યું કે હું જીવીશ ત્યાં સુધી તમોને કાંઈ નહી મળે. લુટારાઓએ બાપા ઉપર હુમલો કર્યો. બાપા પણ હિંમતથી લુટારાઓ સામે જંગે ચડ્યા. જબરૂ ધીંગાણ થયુ. લુટારાઓ ઘવાયા પાંચા બાપા પણ ઘવાયા અનેક ઘાવો જીલ્યા. લોહીની ધારાઓ વહેવા લાગી. આમ પાંચા બાપા ધીંગાણામાં વિરગતી પામ્યા. ખેડૂતોનાં જીવન ઘણા સંઘર્ષોથી ભરેલા હોય છે. ખેતીમાં જંગલી પશુઓ, ઝેરી જનાવરો, લુટારાઓની સામે સામનો કરી ખેતી પકવતા હોય છે. આમ બહાદુર કડવા પાટીદાર પાંચા બાપા પોતાનું બળદ ગાડુ બચાવવા, ગોળ બચાવવા શહીદ થયા. પાંચાબાપાનાં બળદ પણ સમજદાર હતા એટલે બળદો ગાડા સાથે ઘરે આવી ગયા. ત્યારે પરિવારોને જાણ થઈ કે ગાડુ પાંચા બાપા વગર ઘરે કેમ આવ્યુ. આમ પાંચા બાપાની ખાંભી લાલાવદર ગામની સડક કાંઠે ગાંગડીયા પરિવારો પૂજે છે.

"માં ધરતીનાં પુત્રો અમે,
અમે સબળ પાટીદાર કોઈનાંથી ડરીએ નહી.
રખોપા અમને રામનાં"

"ટાઈઢુ અને તડકા ઈ અમને કોઈ દી લાગે નહી
ધરતીનાં ખોળા અમે ખુંદીએ અમે મીઠા બોલા માનવી"

શુરાપુરા બાપાનાં નૈવેદ્ય : કાળી ચૌદશે ચોખાના ધરાય છે.

બહુચરામાતાજી પૂજાય છે : લાપસી આઠમાં નોરતે ધરાય છે.

ઉમિયા માતાજી લીલીયા મોરા ગામે શ્રી ગણેશદાદા ગાંગડીયાઓ
મંદિરનાં પ્રમુખ રહી ઘણી સેવા આપેલી.

"પાંચાબાપાની જય હો"

પાટીદાર સુરાપુરા

ઠાકરશીબાપા ગોરિયા
ગામ : બગડુ, તા. મેંદરડા, જિ. જૂનાગઢ

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

ગોરિયા પરિવાર ગામ બગડુ, તા. મેંદરડા જિ. જૂનાગઢ



ઠાકરશીબાપા ગોરિયા (ગોરૈયા)નો પાળિયો

ગામ : બગડુ તા. મેંદરડા જિ. જૂનાગઢ

શૂરાપુરાબાપા : - શ્રી ઠાકરશી બાપા ગોરિયા પુજાય છે.

"સોરઠ ધરા જગજુની અને ગઢ જુનો ગિરનાર
શુરાને સંત નિપજાવતી સોરઠ રતનની ખાણ"

સોરઠની ભૂખીમાં અનેક શુરવીરો અને સંતો, દાતાઓએ જન્મ લઈ આ ધરતીને પાવન કરી છે. આવા પાવનકારી ભોમકામાં બગડુ ગામે ઠાકરશીબાપા જબરા હિંમતવાળા પરાક્રમી હતા. આજથી ઘણા વર્ષો પહેલા બગડુ પાસે સોલધરાને ટીંબે ચારણની દિકરી દેવુબેન મૈયારૂ લઈને બીજે ગામ જતી હતી ત્યારે લુટારાઓ આ દિકરીનાં ઘરેણા લુટવા આવેલ ત્યારે આ મારગે કડવા પાટીદારનાં બે બાપા અને એક કોળીના બાપા ચાલ્યા આવતા હતા, દેવુબેને બચાવો બચાવોની રાડો પાળી. આ ત્રણે બાપા બહારવટીયા સામે મેદાને ચડ્યા જબરૂ ધીંગાણુ થયુ. આ ત્રણે બાપા સામી છાતીએ લડ્યા. દિકરી દેવુ બેનને બચાવી ત્રણે બાપા વિરગતિ પામ્યા. દેવુબેનને પણ શુરાતન ચડ્યુ પોતાની મૈયારાની ગોળી માથા સાથે મારી મારી પોતાના પ્રાણ કાઢ્યા. સોલધરાનો ટીંબો નાગલપુર ગામ પાસે આવેલ છે. આ બધી ખાંભીઓ આજપણ ટીંબે ઉભી છે. બાજુમાં દેવુબેન (ચારણની દીકરી)ની ખાંભી પુજાય છે.

દિકરીની આબરૂ બચાવવા પોતાના પ્રાણ આપ્યા એવા ઠાકરશીબાપા ગોરિયા, રામાબાપા ભુત તથા કોળી પરીવાર નાં બાપાને નમન નમન કરુ છું.

દેવુબેનમાં ચરણોમાં વંદન હો.

"માથા પડેને ધડ લડે એના વધામણા વૈકુઠ જાય"
"જનની જાયા કવિ એ ગાયા લોક વિરલા કોક જડે
મેદાને મરવા અવસર ઘરવા મરદ કસુંબલ રંગ ચડે
જીય મરદકસુંબલ રંગ ચડે"

દેવરાજભાઈ કરડાણી



વિભાગ : ૪ પાટીદાર સમાજના રત્નો

શ્રી લક્ષ્મણભાઈ બેચરભાઈ ઉઘરેજા : સમાજના ઉત્થાન માટે કર્યું ભગિરથકાર્ય

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો



શ્રી લક્ષ્મણભાઈ બેચરભાઈ ઉઘરેજા

શ્રી લક્ષ્મણભાઈનો જન્મ મોરબી તાલુકાના હરિપર ગામમાં તા. ૯-૨-૧૯૧૫ના રોજ થયો હતો. જમીનદાર અને પ્રગતિશીલ શ્રી બેચરબાપા અને સન્માતા જમનાબાઈનાં પાંચ પુત્રો અને બે દિકરીઓમાં લક્ષ્મણભાઈ વચેટ હતા. ૧૯૧૮માં રતનબેન સાથે બાળલગ્ન થયા. એ સમયે કડવા પાટીદાર જ્ઞાતિમાં મોટેભાગે બાળ લગ્ન થતાં લક્ષ્મણભાઈના લગ્ન પણ માત્ર ત્રણ વર્ષની ઉંમરે કડવા પાટીદાર જ્ઞાતિના રિવાજો પ્રમાણે થઈ ગયા. લક્ષ્મણભાઈ ગામઠી શાળામાં ભણતા, 'છોકરો નામ કાઢશે' એવું માસ્તરના કહેવાથી આગળ અભ્યાસ માટે જેતપર સ્કૂલમાં ભણવા મોકલ્યા. ત્યાં સ્કાઉટના કેપ્ટન થયા અને સ્કૂલમાં પ્રથમ નંબરે પાસ થઈને મોરબી વી.સી. હાઈસ્કૂલમાં એડમીશન લીધું. ત્યાં રમતગમત, વક્તૃત્વ અને અભ્યાસમાં અવ્વલ નંબરે પાસ થઈને સમાજના પ્રથમ પ્રતિભાશાળી વિદ્યાર્થી તરીકે નામ કાઢ્યું. પ્રજાવત્સલ મહારાજા લખધીરસિંહજીએ સન્માન અને શ્કોલરશીપ આપી, મોરબી રાજની ક્રિકેટ ટીમમાં સ્થાન આપ્યું અને ૧૯૩૧માં અલિયાબાળાની વ્યાયામશાળામાં સ્પે. તાલીમ લેવા માટે મોકલ્યા હતા. સ્કૂલમાં ભણતા પાંચ વિદ્યાર્થીઓને જોડીને ભાડાના મકાનમાં રહીને ભણતર આગળ ધપાવ્યું.

તેમણે ૧૯૩૩માં મોરબીમાં અભ્યાસ કરતા કુલ બાર વિદ્યાર્થીઓને સાથે જોડ્યા. 'કણબી પટેલનો ઉતારો પટેલ હાઉસ'માં હાથે રસોઈ કરીને આગળ અભ્યાસ લંબાવ્યો. મોરબીના મહારાજા સાથે શ્રી લક્ષ્મણભાઈને વ્યક્તિગત ઘનિષ્ટ સબંધો હતા. મહારાજા પાસેથી અનુદાન મેળવીને ૧૯૩૫માં 'વિદ્યાર્થી આશ્રમ'ની સ્થાપના થઈ. એ સમયે સત્તર ગામ પટેલોમાંથી કોઈએ જવાબદારી ન સંભાળતા મેટ્રીકમાં અભ્યાસ કરતા લક્ષ્મણભાઈએ ગૃહપતિની જવાબદારી સંભાળી, ભણતરની દિવાનગીને બદલે સેવાનો ભેખ પહેર્યો.

ભારતને આઝાદી મળી એ પહેલા પ્રજાવત્સલ રાજા હતા તોપણ પસાયતા, ગામપટેલ, કામદાર, દિવાન વગેરેની અભેદ દિવાલ હોવાથી પ્રજાનો અવાજ, પ્રજાની વેદના અધવચ્ચે ગૂંગળાતી, મૂંરઝાતી, વળખાતી, ભટકતી, હાંફતી, હારતી રસ્તા વચ્ચે મૂંગી વેદના બનીને ધરબાઈ જતી. એકધારી મજૂરી, પેઢી દરપેઢીની ગુલામી અને જડતામાં જકડાયેલું માનસ હતું. ધૂળથી લથબથ કાયા, પેટ ભરવા માટે જીવવું એ જ નિયતિ હતી. ફફડવું, ટકવું, જીવવું અને ઝઝુમવું એ ઘટમાળ સાથે જીવનચક્ર ચાલતું હતું. સમગ્ર સમાજની દશા-અવદશા-દેદારને બદલાવવાનું કામ કઠીન હતું. એ કઠીન રસ્તો શ્રી લક્ષ્મણભાઈએ પસંદ કર્યો.

તેમણે અંધશ્રદ્ધા, અજ્ઞાનતા, કુરુઢિઓ, કજોડાં લગ્ન, મહિલાઓની કરુણ સ્થિત, ભીરુતા, ગુલામી, ભૂવાભરાડીઓની ચૂંગાલ, પસાયતાનો ત્રાસ, ગામ પટેલોની જોહૂકમી વગેરેથી સમાજ ખદબદતો હતો. નાનામોટી બધી સમસ્યાઓનું નિરાકરણ બોર્ડીંગમાં શ્રી લક્ષ્મણભાઈનાં માર્ગદર્શન મુજબ થતું હતું. તેમની પાસે દરરોજ ડઝનેક દુઃખિયારાઓ આવતા અને તેમનો ન્યાયપૂર્ણ આદેશનો બધા અમલ કરતા. તેમણે સમાજના જાગરુક પ્રહરી તરીકે મોટું યોગદાન આપ્યું હતું.

તેમણે માઠાં વરસમાં ખેડૂતોને સસ્તાદરે લોન અપાવવા, અનાથ અસહાયને મદદ કરવા, શીતળા જેવા રોગ કે મહામારી સમયે ઉપયોગી થયા. આઝાદીની ચળવળ સમયે ગામડે ગામડે જાગરણ કરેલું. તેમણે બિનવિવાદાસ્પદ રહીને પોતાના માટે નહીં પણ સમાજના ઉદ્ધાર માટે જાત ઘસીને નિઃસ્વાર્થભાવે સેવા કરી હતી. આઝાદી પછી ચૂંટણીના ઉમેદવાદ તરીકે પસંદગી કરવામાં આવી એ ઓફર પણ ફગાવી દીધી. સમાજનું સંગઠન મજબૂત કરીને આઝાદીનો ઉત્સવ ઉજવ્યો.

બોર્ડીંગમાં સતત ધ્યાન આપવામાંથી શનિ-રવિ સમય મળતો એટલે ગામડેગામડે પ્રચાર કરીને બાળકોને ભણતા કરવા માટે સતત દોડધામ શરૂ કરી. ગામના ચોકમાં ભેળાં કરીને સમજાવે પણ સાંભળવા કોઈ રાજી ન હોય. ભણીને વંઠી જાય એવું માનનારી પ્રજા હતી. સુખી જમીનદોરો ચોખ્ખું સંભળાવી દેતાઃ અમારે ગુલામગીરી નથી કરવી... નોકરું કરવું નથી. કોઈ ગામમાં એકાદ વિદ્યાર્થીને રસ જાગે, ભણવાનું નક્કી થાય તો બીજા નિરુત્સાહી કરી દેતા. ચાર ધોરણ પછી તાલીમ લીધા પછી શિક્ષક બની શકતો. ગામડેગામડે સ્કૂલો શરૂ થઈ હતી પણ ભણતા નહીં એટલે રાજ્યે ફરજિયાત શિક્ષણ શરૂ કર્યું. લખતા વાંચતા આવડે પછી આગળ ભણવા માટે પ્રચાર કરવો પડતો હતો. ૧૯૪૧માં સૌરાષ્ટ્ર-કચ્છની પહેલી ડિપ્લોમા પછી ૧૯૫૦માં ડિગ્રી એન્જિનિયરિંગ કોલેજ શરૂ થઈ. સાત ધોરણ પાસ કરનારો સાણંત પાસ કરીને શહેરની સ્કૂલ કે ગામડે આચાર્ય તરીકે જોડાઈ શકતો. મેટ્રીક પછી ડિપ્લોમા કરીને એન્જીનીયર થઈ શકતો. આગળ અભ્યાસ માટે પૂના, અમદાવાદ કે ભાવનગર જવા શ્કોલરશીપ આપવામાં આવતી. આ તક ઝડપવા માટે શ્રી લક્ષ્મણભાઈએ એકલા હાથે ઝઝુમવું પડતું હતું. ભણીને ઓફિસરો બનનાર અને ભણી રહેલા વિદ્યાર્થીઓને સાથે લઈ જઈને ગામના ચોકમાં કસરત, લેઝીયમના દાવ કરતા, અંગ્રેજી હિન્દી ગુજરાતીમાં વક્તવ્યો આપતા અને ભરોસો આપતા કે, હું તમારાં બાળકોને આવાં બનાવી દઈશ. એક દશકો ભટકીને એક મિશનમાં રૂપમાં અભિયાન ચાલું રાખ્યું. પ્રજા ઉદાસીન હતી. ઈ.સ. ૧૯૩૯માં પાંસઠ વિદ્યાર્થીઓની સંખ્યા થઈ ગઈ. ભણીને બધા વેલસેટ થયા હતા.

પહેલા અગિયાર વિદ્યાર્થીઓમાંથી કલેક્ટર, કૃષિ નિયામક, રેલ્વે અધિકારી, પ્રોફેસર, સાયન્સ ટીચર, ઉદ્યોગપતિ, વેપારી, એન્જીનીયર થયા. એ બધા રોલ મોડલ બન્યા. અનુકરણીય સમાજનાં બાળકો એને જોઈને ભણવા લાગ્યા પછી રઝળપાટ ઓછી થઈ. બોર્ડીંગમાં ભણતા ગયા, ડાળે વળગતા ગયા અને સમૃદ્ધ થયા, ઉદ્યોગ-ધંધા શરું કર્યા. એની પેઢી સમૃદ્ધ થઈ. આજે જે કંઈ સમૃદ્ધિ છે તે ભણેલા બાળકો દ્વારા થયેલી છે. એનાં મૂળમાં શ્રી લક્ષ્મણભાઈ પટેલે કરેલો ભગિરથ પુરુષાર્થ છે. તેમણે બે દશકામાં સમાજની દશા અને દિશા બદલી નાખી.

એક ધનાઢ્ય પઠાણને છ મહિના છાત્રાલયમાં શિક્ષણ આપીને અંગ્રેજી લખતા-વાંચતા-બોલતા શીખવ્યું. રૂ. ૬૦૦ ગુરૂદક્ષિણરૂપે ચરણે ધર્યા. ખિસ્સામાં નાખવાને બદલે બોર્ડીંગ પાસે, નદી કાંઠે ૬૦, વીઘા જમીન સંપાદિત કરીને ખેતીવાડી શરૂ કરી અને ૩૦ ગાયોની ગૌ-શાળા ઊભી કરીને છાત્રાલયને આત્મનિર્ભર બનાવી. વિદ્યાર્થીઓની કમી હતી એટલે ગામડાઓ ખૂંદવા પડતા. કુસ્તીના દાવ શીખવવા માટે રાજસ્થાનથી ગોલીસિંહ પહેલવાને એક વર્ષ છાત્રાલયમાં રોકીને વિદ્યાર્થીઓને રમતોની તાલીમ આપી. છાત્રાલયમાં સાધુ-સન્યાસીઓ, ઉચ્ચ હોદેદારો, રાજપુરુષો, ધર્મપ્રચારકો, સમાજ હિતચિંતકોની અવારનવાર મુલાકાતો ગોઠવતા. છાત્રાલયનું ગ્રંથાલય સમૃદ્ધ હતું. આવા સત્વશીલ રાહબર દ્વારા કેળવણીધામ ઊભા થાય છે અને ખરા દિલથી ખેવના લેવામાં ન આવે તો કરમાઈ જાય છે.

તેમની સેવાભાવના જોઈને મહારાજાએ દિવાનપદની ઓફર કરી, સમાજસેવા માટે દિવાનપદની ઓફર પણ ન સ્વીકારી. તેમની સેવાભાવના જોઈને ખેડૂતોના મેજીસ્ટ્રેટ બનાવ્યા અને ખેડૂતોના હિત માટે કાર્ય કર્યું. મહારાજાની શ્કોલરશીપ અપાવીને બાર વિદ્યાર્થીઓને દિલ્હી ઓવર્સિયરનો કોર્સ કરવા મોકલ્યા. રાજ અને ખેડૂતો વચ્ચે મજબૂત કડી બનીને કાર્ય કર્યું. ‘ખેડે એની જમીન’ સમયે એ બધા વિદ્યાર્થીઓ કામમાં આવ્યા. સંઘર્ષને બદલે સુખરુપ અને ન્યાયી સમાધાન થયું.

ખૂબ રઝળપાટ કરીને તેઓ શારીરિક રીતે થાકી ગયા, ક્ષયરોગ થયો, દેહ હાંફવા લાગ્યો પણ હિંમતવાન બનીને એકલા હાથે સમાજના ઉદ્ધાર માટે શરું કરેલું અભિયાન આખરી દમ તક જાળવી રાખ્યું. મહારાજાને જાણ થતાં ઈંગ્લેન્ડથી ઈન્જેક્શન અને દવા મંગાવી આપી. વૈદરાજ અને ડૉક્ટર ખૂબ ચીવટથી મથ્યા

પણ રોગ જીવલેણ બન્યો. ઘણા મહાપુરુષો ઓછું જીવે અને ઘણું આપી જાય છે. બોર્ડીંગની જવાબદારી સંભાળી શકે એવા મળ્યા. કેળવણી દ્વારા સમાજ ઉત્થાન અભિયાનનું સ્વપ્ન પૂર્ણ કરીને ૧૫-૯-૫૨ના રોજ ૩૭, વરસની ઉંમરે સહજતાથી વિદાય લીધી. વો રોશની બૂઝ ગઈ. તેમની વિદાયથી પાટીદાર સમાજે મોટો આંચકો અનુભવ્યો. ગામેગામથી માણસોનાં ટોળાં ઉમટેલાં, આખા પંથકમાં, ગામમાં સોંપો પડી, સીમ-શેઢે, સાંતી-ગાડાંનાં પૈડાં થંભી ગયાં. પાંચ દિવસ ધંધા-રોજગાર બંધ રહ્યા. છાત્રાલયમાં એક મહિના સુધી પ્રાર્થના-ધૂન-ભજન થયા પછી ગુરુજીની તસ્વીરને રોજ ધૂપ-દીપ ધરતા રહ્યા.

તેમનું કન્યાકેળવણીનું સ્વપ્ન અધુરું રહ્યું હતું જે કલેક્ટરપદેથી નિવૃત્ત થયા પછી શ્રી જયરાજભાઈ એ. પટેલે પૂર્ણ કર્યું. લક્ષ્મણભાઈએ સંપાદિત કરેલી ૬૦ વીઘા લીલી વાડીમાં પ્લોટીંગ કરીને જોધપર, મચ્છુ ડેમ પાસે સવાસો વીઘા જેટલી જમીન સંપાદિત કરીને 'લોકભારતી સણોસરા' જેવું વિદ્યાધામ બનાવવાનું સ્વપ્ન હતું.

બેભાનમાંથી ભાનમાં આવવું જરૂરી છે.
સમજ પછીની સમજમાં આવવું જરૂરી છે.



જય લક્ષ્મણ વિદ્યાધામ, મોરબી

તેમનાં અવસાન સમયે છ મહિનાની એક દીકરી નિર્મલાબેન સાયન્સ ગ્રેજ્યુએટ થઈને લગ્ન પછી ગાંધીનગર અને દોહિત્રીઓ તારિકા, પૂજા અને કાજલ લગ્ન પછી વિદેશમાંથી સ્થાયી થયાં. દીર્ઘાયુ પૂ.રતનબેને ઈ.સ. ૨૦૧૦માં વિદાય લીધી. ઉભયનું દામ્પત્યજીવન એક જતી-સતિના જોગ જેવું હતું. સેવાવ્રતમાં દાંમ્પત્ય જીવનનો સોનેરી સમય ક્યાં પસાર થઈ ગયો તેની ખબર પણ ન પડી. સમય જતા એ કેળવણીકાર વિસરાઈ ગયા. તેમની જન્મશતાબ્દિવર્ષની ઉજવણીના ભાગરૂપે જોધપર વિદ્યાસંકુલમાં સ્ટેચ્યુ મૂકીને 'લક્ષ્મણ વિદ્યાધામ' નામાભિધાન આપવામાં આવ્યું અને હરિપર ગામના ઝાંપા પાસે સ્ટેચ્યુનું અનાવરણ કરીને સ્મરણાંજલિ આપી. આઝાદી પહેલાં ધર્મ, રાષ્ટ્ર અને સમાજ માટે આજીવન સમર્પિત મહાનુભાવો આઝાદી અને આર્થિક વૈભવ આવ્યા પછી વિસરાઈ ગયા છે. તેમનાં જીવનચરિત્ર ઉજાગર કરતા લેખો, કાવ્યો અને ગ્રંથો પ્રકાશિત થાય એ જરૂરી છે.


શ્રી કડવા પાટીદાર વિદ્યાર્થી ભવન, મોરબી

કરેલાં કામની કદર થવી જોઈએ.
એની વાતો ઘર ઘર સુધી જવી જોઈએ.


- ડૉ. ભાવેશ જેતપરિયા

એસીડીટીની એબીસીડી

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો



એસીડીટીની એબીસીડી

એક અત્યન્ત વ્યાપક રોગ એસીડીટી વિષે આમ તો આપણે જાણતા હોઈએ છીએ પણ થોડું વધુ જાણીએ એ જરૂરી છે કારણ કે જીવનમાં ક્યારેક ને ક્યારેક લગભગ બધા જ વ્યક્તિઓ એસીડીટીનો અનુભવ કરતા હોય છે અને બીજી વાત કે જો બેદરકારી રાખવામાં આવે તો તેનાં ગંભીર પરિણામો પણ આવી શકે છે કારણ કે એસીડીટી તો એક લક્ષણ છે, જેનાં કારણો ભીન્ન ભીન્ન અને અનેકમાંથી કોઈ હોઈ શકે છે.

આપણાં જઠરમાં કુદરતી રીતે હાઈડ્રોક્લોરિક એસિડ (મીઠાંનો તેજાબ) ઉત્પન્ન થાય છે જેનું કાર્ય ખોરાકની અંદર આવતાં જંતુઓનો નાશ કરવાનું છે તથા પાચનક્રિયામાં મદદ કરવાનું છે. આ એસિડનું હોવું આવશ્યક અને નોર્મલ છે પણ જ્યારે આ એસિડ હદ કરતાં વધી જાય ત્યારે એસીડીટી નામની સ્થિતિ ઉત્પન્ન થાય છે, જેને હાયપર એસીડીટી પણ કહે છે. આ એસીડીટી ઘણાં કારણોથી થઈ શકે છે, જેમ કે વધારે પડતા ખાટા, તીખા અને ગળ્યા પદાર્થો વધુ પ્રમાણમાં લેવાથી, કડક ચા, કોફી, તમાકુ, શરાબ જેવી વ્યસનકારક વસ્તુઓથી, ખાવામાં અનિયમિતતાથી, ઊંઘની પેટર્ન ડીસ્ટર્બ થવાથી તથા ઉજાગરા જેવાં કારણોથી એસીડીટી થાય છે કારણ કે આ કારણોથી એસિડનો સ્ત્રાવ વધે છે. ઘણી દવાઓ, ખાસ કરીને દુઃખાવાની દવાઓ એવી હોય છે કે જે જઠરની આંતરત્વચાનો સોજો ઉત્પન્ન કરી (ગેસ્ટ્રાઈટીસ) અને એસીડીટી ઉત્પન્ન કરે છે. એવું પણ માનવામાં આવે છે કે માનસિક તણાવ (મેન્ટલ સ્ટ્રેસ) પણ એસીડિટી ઉત્પન્ન કરવામાં ભાગ ભજવી શકે છે. આ ઉપરાંત કેટલાંક સર્જીકલ કારણો પણ હોઈ શકે છે.

એસીડીટીનાં લક્ષણોની વાત કરીએ તો તે એવાં છે કે જે આમ તો લગભગ બધા જાણતા જ હોય છે.

- ગરમ અને ખાટું-તીખું પ્રવાહી પેટમાંથી ઉપર છાતી તરફ ચઢતું હોય તેવી અનુભૂતિ
- પેટ અને છાતીમાં બળતરા
- ખાટા-તીખા ઓડકાર આવવા,
- ઉબકા તેમ જ ખાટી દાહક ઉલટી
- પેટમાં દુઃખાવો

જેવાં લક્ષણો થાય છે. આ લક્ષણો સામાન્ય રીતે પેટ થોડું ખાલી હોય ત્યારે થાય છે. ક્યારેક, પ્રસંગોપાત થતી એસીડીટીને અવગણી શકાય પણ જો લાંબો સમય સતત અને તીવ્ર એસીડીટી રહે તો એમાંથી પહેલાં તો જઠરમાં કે ડ્યુઓડિનમમાં (જઠર પછી શરૂ થતો નાનાં આંતરડાંનો શરૂઆતનો દસ ઈંચનો ભાગ) અલ્સર (ચાંદું) થવાની શક્યતા રહે છે અને ત્યાર પછી કેન્સર થવાની શક્યતા પણ ઉભી થાય છે. અલ્સર હોય તો એસીડીટીનાં લક્ષણો ઉપરાંત પેટમાં ઉપરના ભાગમાં દુઃખાવો પણ થાય છે અને સામાન્ય રીતે દર્દી એક આંગળી મૂકી અને "અહીં દુઃખે છે" એવી ફરિયાદ કરે છે. આ અલ્સર કે કેન્સરનાં નિદાન માટે ગેસ્ટ્રોસ્કોપી અને ડ્યુઓડીનોસ્કોપી કરવામાં આવે છે જેમાં એક પ્રકાશ ફેંકતી

અને જેમાંથી જોઈ શકાય તેવી ફાઈબર ઓપ્ટિકની ટ્યુબ મોઢાં દ્વારા પેટમાં ઉતારવામાં આવે છે અને તેમાં જોઈને નિદાન કરાય છે.

ઉપરોક્ત હકીકતો જોતાં એ સ્પષ્ટ થાય છે કે જો બેદરકારી રાખવામાં આવે તો અલ્સર, કેન્સર જેવી બીમારીઓ થઈ શકે તેમ હોવાથી એસીડીટીનાં કારણો તેનું નિદાન કરાવી અને દૂર કરવાં અનિવાર્ય છે. એસિડનો મારો સતત ચાલુ જ રહે તો અંદરની ત્વચા આળી થઈ જાય છે અને પરિણામે અલ્સર (ચાંદું) થાય છે અને એ અલ્સર જો યોગ્ય સારવાર કરીને રૂઝાવી ન દેવામાં આવે તો એ અલ્સર કેન્સરમાં પરિણમી શકે છે.

અત્રે એ વસ્તુ પણ સમજી લેવી જરૂરી છે કે ક્યારેક થતી સામાન્ય એસીડીટી એ ગભરાઈ જવા જેવી વસ્તુ નથી અને મોટાં નિદાનો કરવા દોડી જવાની પણ જરૂર નથી. ખોરાક અને દિનચર્યામાં યોગ્યતા અને નિયમિતતા લાવવાથી એને કાબુમાં લાવી દઈ શકાય છે.

અહીં એક મહત્વની વાત કરવાની છે. ઘણુંખરું લાંબા સમયની એસીડીટી પાછળ ઈન્ફેક્શન(ચેપ) જવાબદાર હોય છે. અમે જ્યારે ભણતા ત્યારે આ શોધ થઈ ન હતી પણ જ્યારે એ થઈ અને એના વિષે જાણ્યું ત્યારે ઘણું જ આશ્ચર્ય થયું હતું. ટાઈફોઈડ, ટીબી, કમળો જેવા અનેક રોગો ચેપી છે એટલે કે વાયરસ કે બેક્ટેરિયાથી થાય છે એ તો જાણીતી હકીકત છે પણ એસીડીટી પણ સૂક્ષ્મ જંતુઓથી થાય છે એ ભાગ્યે જ કોઈ જાણે છે (ડોક્ટરો સિવાય). આ માટે જવાબદાર છે હેલિકોબેક્ટર પાયલોરી નામનું એક બેક્ટેરિયા (જીવાણુ), જે જઠર કે ડ્યુઓડિનમમાં અડ્ડો જમાવે છે અને ત્યાં સોજો લાવી અને લાંબો વખત ચાલતી એસીડીટી કરે છે. લાંબા સમયની તીવ્ર એસીડીટી પાછળ આ એક ઘણું વ્યાપક કારણ છે. એન્ટીજન ટેસ્ટ, યુરિયા બ્રેથ ટેસ્ટ, સ્ટુલ ટેસ્ટ જેવા ટેસ્ટ કરીને તેનું નિદાન થઈ શકે છે અને કેટલીક ખાસ એન્ટિબાયોટિક્સ અને અન્ય દવાઓનાં કોમ્બિનેશનથી એનો નાશ કરવામાં આવે છે અને આ એસીડીટી મટી જાય છે અને ઉપર દર્શાવેલાં જોખમોથી પણ બચાવ થાય છે. આ નવી શોધ વિષે અત્રે ખાસ ઉલ્લેખ કરવાનું કારણ એ છે કે ઘણા લોકોને વર્ષોથી એસીડીટી હોય છે અને એમણે એ સ્વીકારી લીધું હોય છે કે પોતાને આવું તો રહેશે જ અને આ પોતાની 'તાસીર' છે, પોતાને અમુક ખોરાક માફક નથી આવતા વગેરે. આ લોકો આ બેક્ટેરિયા વિષે જાણે અને એનું નિદાન કરાવી અને યોગ્ય સારવાર લે તો આ એસીડીટી બિલ્કુલ મટી શકે છે એટલું જ નહીં પણ અલ્સર અને કેન્સરથી પણ બચી શકાય છે એ આપણે જાણી શકીએ એ આ લેખ લખવા પાછળનો મુખ્ય હેતુ છે.

હવે થોડી વાતો એસીડીટી થાય ત્યારે તેનાં લક્ષણોથી છૂટકારો મેળવવા માટેની દવાઓ અંગે પણ કરી લઈએ. સામાન્ય રીતે એ માટે ડાઈજીન, જેલ્યુસીલ જેવી પ્રવાહી દવાઓ અથવા તો એની ચાવીને ખાવાની ગોળીઓ લેવાય છે જે જઠરના એસિડને ન્યુટ્રલાઈઝ કરીને તરત રાહત આપે છે. આ ઉપરાંત ફેમોટીડિન જેવી દવાઓ આવે છે જે એસિડ બનવાનું જ ઘટાડી નાખે છે. એના પછી આવેલી ઓમીપ્રાઝોલ અને એ ગ્રુપની પેન્ટોપ્રાઝોલ, રાબીપ્રાઝોલ જેવી દવાઓ અલગ મિકેનિઝમથી કામ કરે છે અને ઘણી વધુ અસરકારક છે જે એસિડને લગભગ એંસી ટકા જેટલો ઓછો કરી નાખે છે.. આ દવાઓ ખૂબ લાંબા સમય સુધી લઈ શકાય છે. આ દવાઓ ક્રાંતિકારી છે અને એસિડનો મારો ઘટાડતી હોવાથી એસીડીટીમાં રાહત થવા ઉપરાંત થોડા મહિનાઓમાં અલ્સર પણ રૂઝાઈ જાય છે.

ઉપર જે ચર્ચા થઈ એ ઘણાં સામાન્ય કારણો અંગે હતી જેના ઉપરાંત એસીડીટી થવા પાછળ અનેક બીજાં કારણો હોઈ શકે છે જેનું નિદાન અને સારવાર યોગ્ય ડોકટર પાસે કરાવવું આવશ્યક છે.

અહીં એ પણ સમજવાનું છે કે સમજ્યા કર્યા વગર કે ડોક્ટરની યોગ્ય સલાહ વગર આડેધડ દુઃખાવા વગેરેની દવાઓ લીધા કરવી એ પણ જોખમી વસ્તુ છે.

ટૂંકમાં કહીએ તો સર્વસામાન્ય રોગ એસીડીટી આમ તો સામાન્ય જ છે પરંતુ ક્યારેક એનાં ગંભીર પરિણામો આવી શકે છે અને તેથી એના અંગે જાણવું જરૂરી છે.




- ડૉ પ્રણવ વૈદ્ય

વિભાગ : ૬ શિક્ષણ : વિકાસનું પ્રથમ પગલું

વ્યવસાયમાં AI : તમારા બાળકની કારકિર્દીઃ AI મિત્ર છે કે દુશ્મન ?

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો



પ્રસ્તાવના : આજે કોઈપણ સામાજિક પ્રસંગે ભેગા થઈએ ત્યારે વાલીઓ વચ્ચે એક ચર્ચા કોમન હોય છેઃ "છોકરાને હવે કઈ લાઈન લેવડાવવી? કમ્પ્યુટર એન્જિનિયરિંગમાં હવે સ્કોપ છે ખરો?" ટીવી અને સમાચારમાં સાંભળવા મળે છે કે છૈં (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) માણસોની નોકરીઓ ખાઈ જશે. સ્વાભાવિક છે કે વાલી તરીકે તમને ચિંતા થાય. પણ ગભરાવાની જરૂર નથી. જેમ ૧૯૯૦ના દાયકામાં કોમ્પ્યુટર આવવાથી લોકો ડરતા હતા કે "હવે માણસોનું કામ મશીન કરશે", પણ થયું ઊલટું - કોમ્પ્યુટરે કરોડો નવી નોકરીઓ ઊભી કરી. બસ, AI નું પણ એવું જ છે.

આવો સમજીએ કે આવનારા સમયમાં શિક્ષણ અને કારકિર્દીનું ચિત્ર કેવું હશે.

૧. AI નોકરી લેશે નહીં, પણ નોકરી કરવાની રીત બદલશે

સૌથી પહેલા મનમાંથી એ ડર કાઢી નાખો કે ડૉક્ટર, વકીલ, CA કે એન્જિનિયરની જરૂર નહીં પડે. જરૂર તો પડશે જ, પણ તેમની કામ કરવાની પદ્ધતિ બદલાશે.

એક સોનેરી નિયમ યાદ રાખજોઃ "AI માણસનું સ્થાન નહીં લે, પણ જે માણસ AI નો ઉપયોગ કરતા શીખી જશે, તે બીજા માણસનું સ્થાન જરૂર લઈ લેશે." એટલે કે, ભવિષ્ય તે જ યુવાનોનું છે જેમને પોતાના ક્ષેત્રના જ્ઞાનની સાથે AI ટૂલ્સ વાપરતા પણ આવડતું હોય.

૨. 'ગોખણપટ્ટી'નો યુગ પૂરો, હવે 'તર્કશક્તિ'નો જમાનો

પહેલા આપણે બાળકોને કહેતા કે "પ્રશ્નોના જવાબ યાદ રાખો." હવે AI ના જમાનામાં જવાબ તો એક સેકન્ડમાં મળી જાય છે (ChatGPT પાસે બધા જવાબ છે). હવે મહત્વનું એ છે કે – "સાચો પ્રશ્ન પૂછતા કોને આવડે છે?" ભવિષ્યમાં એ વિદ્યાર્થી સફળ નહીં થાય જેને ચોપડી આખી મોઢે હોય, પણ એ સફળ થશે જેની પાસે 'Critical Thinking' (વિચારવાની શક્તિ) હોય. જે સમસ્યા જોઈને નક્કી કરી શકે કે અહીં કયું AI ટૂલ વાપરવાથી કામ ઝડપી થશે.

૩. AI : વિદ્યાર્થીઓ માટે દુશ્મન નહીં, પણ 'સુપર ટ્યુટર' ઘણા વાલીઓ બાળકોને ChatGPT કે AI વાપરવાની ના પાડે છે. આ ભૂલ કરશો નહી. AI વિદ્યાર્થીઓ માટે ૨૪ કલાક હાજર રહેતો 'પ્રાઈવેટ ટ્યુટર' છે.

જટિલ વિષયો સમજવાઃ જો બાળકને સાયન્સનો કોઈ નિયમ નથી સમજાતો, તો તે AI ને પૂછી શકેઃ "મને ગુરુત્વાકર્ષણનો નિયમ ૧૦ વર્ષના બાળકને સમજાવે તેમ સમજાવ." AI સરળ ગુજરાતીમાં ઉદાહરણ સાથે સમજાવશે.

પ્રેક્ટિસ માટે:

ઇન્ટરવ્યુની તૈયારી હોય કે અંગ્રેજી શીખવું હોય, AI સામે બેસીને પ્રેક્ટિસ કરી શકાય છે.

આઈડિયા માટે:

પ્રોજેક્ટ બનાવવો હોય તો AI નવા વિચારો આપી શકે છે.

૪. ભવિષ્યમાં કઈ સ્કિલ્સ (કૌશલ્ય) ની માંગ રહેશે?

જો AI કોડિંગ કરી શકતું હોય અને લેખ લખી શકતું હોય, તો માણસે શું કરવાનું? માણસે એ કામ કરવાનું જે મશીન ક્યારેય નથી કરી શકવાનું:

Creativity (સર્જનાત્મકતા):

નવી વસ્તુઓ વિચારવી.

Empathy (સંવેદના):

ડોક્ટર તરીકે AI નિદાન કરી શકશે, પણ દર્દીને હિંમત તો માણસ જ આપી શકશે.

Leadership (નેતૃત્વ):

ટીમનું સંચાલન કરવું અને નિર્ણયો લેવા.

Ethics (નૈતિકતા):

શું સાચું અને શું ખોટું તે નક્કી કરવું.

૫. વાલીઓ માટે ખાસ સલાહ

ટેકનોલોજીથી દૂર ન રાખો:

બાળક મોબાઈલ કે લેપટોપમાં શું કરે છે તેના પર નજર રાખો, પણ તેને સાવ બંધ ન કરો. તેને ગેમ્સ રમવાને બદલે AI ટૂલ્સ શીખવા માટે પ્રોત્સાહિત કરો.

અંગ્રેજીનું મહત્વ:

ભલે AI ગુજરાતી જાણે છે, પણ ગ્લોબલ નોલેજ મેળવવા માટે અંગ્રેજી ભાષા પર પકડ હોવી જરૂરી છે.

ગોખવા કરતા સમજવા પર ભાર: બાળકને પૂછો કે “આજે સ્કૂલમાં શું નવું શીખ્યો?” નહીં કે “કેટલા માર્ક્સ આવ્યા?”.

નિષ્કર્ષ:

AI એ આવતીકાલની વાસ્તવિકતા છે. આપણે તેને શત્રુ માનીને આંખ આડા કાન કરી શકીએ નહીં. આપણે આપણા બાળકોને માત્ર ડિગ્રી લેતા નહીં, પણ સમય સાથે અપડેટ થતા શીખવવું પડશે. યાદ રાખો, કેલ્ક્યુલેટર આવવાથી કોઈનું ગણિત કાચું નથી થયું, ઉલટાનું ગણતરીઓ ઝડપી બની છે. AI પણ કારકિર્દીને વેગ આપતું સાધન જ છે.

વિદ્યાર્થીઓ માટે ‘સ્માર્ટ’ અભ્યાસ સાથી: ટોપ-૫ AI ટૂલ્સ જેમ કંપાસ બોક્સમાં પેન્સિલ અને રબર હોય, તેમ આજના વિદ્યાર્થીના મોબાઈલ કે કોમ્પ્યુટરમાં આ ૫ ટૂલ્સ હોવા જ જોઈએ:

૧. Google Gemini / ChatGPT (તમારા પર્સનલ શિક્ષક)

ઉપયોગ:

કોઈપણ અઘરો વિષય સમજવા માટે.

કેવી રીતે ? :

ધારો કે ‘બ્લેક હોલ’ વિશે સમજ નથી પડતી, તો આને પૂછો: “મને બ્લેક હોલ વિશે ૧૦ વર્ષના બાળકને સમજાય તેવી વાર્તા કહીને સમજાવ.” તે તરત જ સરળ ભાષામાં સમજાવશે. નિબંધ લખવાના આઈડિયા માટે પણ શ્રેષ્ઠ છે.

૨. Socratic (by Google) (હોમવર્ક હેલ્પર)

ઉપયોગ:

ગણિત અને વિજ્ઞાનના કોયડા ઉકેલવા.

કેવી રીતે ? :

ગણિતના કોઈ દાખલામાં સમજ નથી પડતી? તો આ એપમાં તે દાખલાનો ફોટો પાડો. આ એપ તમને માત્ર જવાબ નહીં, પણ ‘સ્ટેપ-બાય-સ્ટેપ’ (પગથિયાંવાર) ગણતરી બતાવશે કે જવાબ કેવી રીતે આવ્યો.


૩. Canva (પ્રોજેક્ટ એક્સપર્ટ)

ઉપયોગ:

સ્કૂલ પ્રેઝન્ટેશન, ચાર્ટ કે પ્રોજેક્ટ રિપોર્ટ બનાવવા.

કેવી રીતે ? :

તમારે હવે ડિઝાઈનિંગ શીખવાની જરૂર નથી. Canva માં જઈને લખો "Science Project Presentation" એટલે તે તમને તૈયાર ડિઝાઈન આપી દેશે. જેમાં તમે તમારી માહિતી મૂકીને સુંદર પ્રોજેક્ટ બનાવી શકો છો.



૪. Grammarly (અંગ્રેજી સુધારક)

ઉપયોગ:

અંગ્રેજી ગ્રામર (વ્યાકરણ) અને સ્પેલિંગ સુધારવા.

કેવી રીતે ? :

જો તમે અંગ્રેજીમાં ઈમેલ કે રિપોર્ટ લખી રહ્યા છો, તો આ ટૂલ તમારી ભૂલો શોધીને સુધારી આપશે. જેથી તમારું લખાણ કોઈ હોશિયાર અંગ્રેજી જાણકાર જેવું લાગશે.



૫. Perplexity AI (રિસર્ચ માસ્ટર)

ઉપયોગ:

પ્રોજેક્ટ માટે સાચી માહિતી શોધવા.

કેવી રીતે ? :

ગૂગલ પર સર્ચ કરીએ ત્યારે ઘણી બધી લિંક ખુલે છે. પણ Perplexity તમને સીધો જવાબ આપે છે અને સાથે સોર્સ (Source) પણ આપે છે કે આ માહિતી કયા પુસ્તક કે વેબસાઈટ પરથી લીધી છે. પ્રોજેક્ટ બનાવતી વખતે આ ખૂબ કામ લાગે છે.





-ચિરાગ ધનજીભાઈ પટેલ
મો. 9824241288

પાટીદાર યુવાનો દ્વારા ખેતીમાં ડ્રોન ક્રાંતિ અને સ્માર્ટ ફાર્મિંગનો ઉદય

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

"જેના હાથમાં હળ હોય એ જગતનો તાત, પણ જેના હાથમાં ટેકનોલોજી હોય એ ભવિષ્યનો સમ્રાટ!"

આપણા પાટીદાર સમાજનું લોહી હંમેશા સાહસ અને નવીનતાથી ભરેલું રહ્યું છે. દરિયા પાર જઈને વેપાર કરવાનો હોય કે કાળી મજૂરી કરીને ઉજ્જડ જમીનને નંદનવન બનાવવાની હોય, આપણે ક્યારેય પાછા પડ્યા નથી. પણ આજે સમયની માંગ બદલાઈ છે. આજે આપણી ખેતી અને આપણી નવી પેઢી એક નિર્ણાયક વળાંક પર ઉભી છે. આ વળાંકનું નામ છે – 'ડ્રોન ટૅક્નોલૉજી'.

૧. જ્યારે વિજ્ઞાન બને ખેડૂતનું વરદાન :

વિચારો કે, ધોમધખતા તાપમાં ખભે ૨૦ કિલોનો પંપ લટકાવીને આખા ખેતરમાં પરસેવે રેબઝેબ થઈને ફરવું, કે પછી ખેતરના શેઢે લીમડાના છાંયે બેસીને રિમોટના એક બટનથી આખા એકરમાં ૧૦ મિનિટમાં છંટકાવ પૂરો કરવો? પસંદગી આપણી છે!

કૃષિ ડ્રોન એ માત્ર એક મશીન નથી, એ ખેડૂતની શક્તિ બમણી કરનારું 'બ્રહ્માસ્ત્ર' છે. તે દવાનું અતિશય ઝીણું ધુમ્મસ બનાવીને પાનના ખૂણેખૂણા સુધી પહોંચાડે છે. પરિણામે, દવાનો બગાડ અટકે છે, પાણીની બચત થાય છે અને પાકને મળે છે ભરપૂર પોષણ.

૨. યુવા શક્તિ :

ખેતી હવે 'મજબૂરી' નહીં, 'મહારથ' બનશે !

આજે ભણેલો-ગણેલો પાટીદાર યુવાન જ્યારે શહેરોમાં નાની-મોટી નોકરી માટે વલખાં મારે છે, ત્યારે તેને કહેવાની જરૂર છે કે: "બેટા, તારી જમીન તારી રાહ જુએ છે, બસ કામ કરવાની પદ્ધતિ બદલવાની જરૂર છે." જ્યારે ખેતીમાં ડ્રોન, સેન્સર અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવા 'ગેજેટ્સ' આવશે, ત્યારે યુવાનોને ખેતીમાં 'સ્વેગ' દેખાશે. ખેતી હવે માત્ર પરસેવાનું કામ નહીં રહે, પણ એક હાઈ-ટેક બિઝનેસ બનશે. પાટીદાર યુવાન ગર્વથી કહેશે, "હું ખેતી કરું છું, પણ મારી રીતે – સ્માર્ટ રીતે !" ડ્રોન ચલાવવું એ એક અદભૂત કૌશલ્ય (Skill) છે, જેમાં યુવાનો માત્ર પોતાના ખેતરમાં જ નહીં, પણ આખા ગામમાં 'એગ્રી-પ્રેન્યોર' (કૃષિ ઉદ્યમી) બનીને લાખોની કમાણી કરી શકે છે.

૩. સમાજની ભૂમિકા :

એકતામાં જ શક્તિ છે.

મા ઉમિયાના આશીર્વાદથી આપણી સંસ્થાઓ ખૂબ સક્ષમ છે. જો આપણો સમાજ ધારે તો આ ટૅક્નોલૉજીને ગામેગામ પહોંચાડી શકે છે.

તાલીમ કેન્દ્રો : સમાજ દ્વારા સંચાલિત સંસ્થાઓમાં 'ડ્રોન પાઈલટ ટ્રેનિંગ સેન્ટર' શરૂ કરવા જોઈએ.

ડ્રોન લાયબ્રેરી : ગામની પાટીદાર મંડળીઓ ડ્રોન વસાવે અને યુવાનોને તેના દ્વારા રોજગારી પૂરી પાડે.

માર્ગદર્શન: વડીલો યુવાનોના નવા વિચારો પર વિશ્વાસ મૂકે અને તેમને ટૅક્નોલૉજી અપનાવવા માટે પ્રોત્સાહિત કરે.

૪. આર્થિક આઝાદી અને સુરક્ષા :

ડ્રોનથી છંટકાવ કરવાથી સ્વાસ્થ્ય સુધરે છે કારણ કે ઝેરી દવાની આડઅસર થતી નથી. બીજું, મજૂરીના પ્રશ્નો ઉકેલાઈ જાય છે. સૌથી મોટો ફાયદો એ છે કે સમયસર કામ થવાથી પાકનું ઉત્પાદન વધે છે. આમ, ખેડૂત આર્થિક રીતે સધ્ધર બને છે.

આપણો સંકલ્પ...

"જેમ લક્ષ્મીજીના ધામમાં મા ઉમિયા વિરાજે છે, તેમ હવે દરેક પાટીદારના ખેતરમાં આધુનિકતા વિરાજવી જોઈએ."

આવો, આપણે સૌ સાથે મળીને ટૅકનોલૉજીના આ હાથ પકડીએ. ખેતીને શરમ નહીં, પણ ગર્વનો વિષય બનાવીએ. જ્યારે પાટીદાર યુવાન હાથમાં રિમોટ પકડીને આકાશમાં ડ્રોન ઉડાડશે, ત્યારે સાચા અર્થમાં 'ઉત્તમ ખેતી'નું સપનું સાકાર થશે.

ખેડૂત સુખી તો જગ સુખી!



- ક્ષિતિજ પટેલ

વિભાગ : ૮ પ્રેરણાત્મક સાહિત્ય

અધ્યાત્મનો સર્વાંગી માર્ગ

અધ્યાત્મનો સર્વાંગી માર્ગ

બૌદ્ધ ધર્મનો ઉદય ભારતમાં થયો, પણ પછીથી ચીન અને જાપાન જેવા બીજા અનેક દેશોમાં તેનો પ્રભાવ પથરાયો. બૌદ્ધ ધર્મના જ એક પ્રવાહ સ્વરૂપે જાપાનમાં ઝેન ફિલસૂફીનો વિકાસ થયો. ઝેનમાર્ગમાં ઘણા મોટા ચિંતકો થઈ ગયા જેમણે સરળ દાખલાઓથી ધર્મનો સાચો માર્ગ દેખાડ્યો. હુએઈ-જેન્ગ આવા એક મોટા ચિંતક અને સાધક હતા.

હુએઈ-જેન્ગે એક દિવસ નિહાળ્યું કે તેમનો શિષ્ય માત્ઝુ ઊંડા ધ્યાનમાં મગ્ન હતો. ત્યાર પછી હુએઈ-જેન્ગના જોવામાં આવ્યું કે માત્ઝુનો ધ્યાનનો સમય રોજેરોજ વધતો જતો હતો. તેનું ધ્યાન વધારે ને વધારે તીવ્ર બનતું જતું હતું. હવે તો માત્ઝુ આખો દિવસ ધ્યાનમાં ડૂબેલો રહેવા લાગ્યો.

હુએઈ-જેન્ગે શિષ્ય માત્ઝુને પૂછ્યું, 'ભાઈ માત્ઝુ, તારા આવા ઊંડા અને લાંબા ધ્યાનથી તું શું મેળવવા ઇચ્છે છે? તારું પ્રયોજન શું છે?'

માત્ઝુએ જવાબ આપ્યો, 'ગુરુજી, ધ્યાન મને પ્રબુદ્ધ કરશે. ધ્યાનથી હું બોધિસત્ત્વ પ્રાપ્ત કરી બુદ્ધ બનીશ.'

હુએઈ-જેન્ગના મુખ પર સહેજ સ્મિત ફરકી ગયું. એમણે જમીન પર પડેલી એક ઈંટ ઉપાડી. બાજુના પથ્થર પર ઈંટને એ જોર જોરથી ઘસવા માંડ્યા. ઘસાઈ ઘસાઈને ઈંટ પરથી ભર ભર ભુક્કો ખરવા માંડ્યો. ગુરુની આવી નિરર્થક ક્રિયા નહાળી માત્ઝુને આશ્ચર્ય થયું. એણે પૂછ્યું,

'ગુરુજી, શા માટે ઈંટને ઘસી ઘસીને એનો ભુક્કો કરી રહ્યા છો?'

હુએઈ-જેન્ગે જવાબ આપ્યો, 'હું ઈંટને ઘસીને એનો ભુક્કો નથી કરતો. હું તો ઈંટને પૉલિશ કરી ઈંટમાંથી અરીસો બનાવી રહ્યો છું.'

ગુરુજીના જવાબથી માત્ઝુને વળી ઓર નવાઈ લાગી. એણે કહ્યું, 'ઈંટને ઘસવાથી તે વળી અરીસો બનતો હશે?'

ગુરુએ જવાબ આપ્યો, 'ધ્યાનની તીવ્રતા વધાર્યે જવાથી બુદ્ધ બની શકાય તો ઈંટને જોર જોરથી ઘસવાથી ઈંટનો અરીસો કેમ ન બની શકે?'

માત્ઝુ ગુરુનો મર્મ સમજ્યા. શરીર અને ચિત્તને સ્વસ્થ અને એકાગ્ર રાખવા માટે પ્રાણાયામ, ધ્યાન વગેરે ક્રિયાકાંડ ઠીક છે. પણ એવી ક્રિયાઓ માત્રથી કે એના અતિરેકથી ઈશ્વરપ્રાપ્તિ થશે તેમ માનવું ભૂલભરેલું છે. શરીર, મન, ચિત્ત, લાગણી અને કર્મ એ સર્વને અધ્યાત્મના માર્ગમાં પ્રયોજીએ અને સમગ્ર જાતને અધ્યાત્મમાં નિમજ્જ કરીએ ત્યારે ઈશ્વર પ્રાપ્તિ સુલભ બને છે.

(પાંદડે પાંદડે જ્યોતિ માંથી)

રામ રાખે તેને કોણ ચાખે

રામ રાખે તેને કોણ ચાખે

પર્શિયાના જાસૂસો ખબર લાવ્યા હતા કે હિન્દુસ્તાનના શહેનશાહ પર્શિયા પર આક્રમણ કરવાના છે. તે રોકવા પર્શિયાના બાદશાહે રાજદૂત મોકલવા વિચાર્યુ. ઉમરાવો, દરબારીઓ અને ખુશામતિયાઓએ પોતાની નિમણૂકની માગણી અને ખટપટો ચાલુ કરી દીધી. બાદશાહ તેનાથી કંટાળી ગયા. અકળાઈને તેમણે દરબારમાં ક્યારેક જ આવતા અને એક ખૂણે શાંતિથી બેસી રહેલા મુલ્લા નસરુદ્દીનને રાજદૂત તરીકે નીમી દીધા. નસરુદ્દીનને હિન્દુસ્તાન જવા હુકમ કર્યો. હિન્દુસ્તાનના શહેનશાહને સોગાત આપવા માટે સોનામહોરો અને હીરા-મોતી ભરેલી સંદૂક આપ્યા.

બાદશાહે કરેલી નિમણૂક ખટપટિયાઓને ગમી નહીં. એ બધા હવે નસરુદ્દીન સામે એક થઈ ગયા. નસરુદ્દીનની હાંસી થાય તેવો પેંતરો તેમણે રચ્યો. નસરુદ્દીનને ત્યાં જઈ તેમણે રાજાશાહી રીતભાતનું પાલન કરવા નસરુદ્દીનને સલાહ આપી, 'શહેનશાહને "પૂરા ખીલેલા ચાંદ" તરીકે સંબોધજો.' નસરુદ્દીને કહ્યું, 'પણ એ તો આપણા બાદશાહનો ખિતાબ છે!' ખટપયિઓએ કહ્યું કે હિન્દુસ્તાનના શહેનશાહનો ખિતાબ પણ એ જ છે. બાદશાહે આપેલી સંદૂકોમાંથી ખટપટિઆએ સોનામહોરો અને હીરામોતી કાઢી લઈ માટી ભરી દીધી.

નસરુદ્દીન તો હિન્દુસ્તાન પહોંચ્યા. શહેનશાહને કુરનિસ બજાવી સંબોધન કર્યું, 'પૂરા ખીલેલા ચાંદ સમા આલમપનાહ, પર્શિયાના બાદશાહે તમને સલામ કહ્યા છે.' હિન્દુસ્તાનના શહેનશાહને આશ્ચર્ય થયું. તેમણે પૂછ્યું કે મને પૂરો ખીલેલો ચાંદ કહો છો તો તમારા બાદશાહને શું કહો છો. નસરુદ્દીન મૂંઝાયા, પણ ચતુરાઈથી જવાબ આપ્યો કે તેમનું સંબોધન હું નવા ઊગેલા ચાંદ તરીકે કરું છું. હિન્દુસ્તાનના વજીરે શહેનશાહના કાનમાં સમજાવ્યું કે રાજદૂતે તમને પૂરા ખીલેલા ચાંદ કહ્યા એટલે તમે વધારે પ્રકાશમાન અને પર્શિયાના બાદશાહ ઊગી રહેલા ચાંદ એટલે ઓછા પ્રકાશવાળા.

નસરુદ્દીને પછી સોગાતની સંદૂકો ખાલી કરી. ભરદરબારમાં માટી નીકળી પડી. શહેનશાહ રાતાપીળા થઈ ગયા, પણ વજીરે કાનમાં સમજાવ્યું કે પર્શિયાના બાદશાહે સંકેત મોકલ્યો છે કે તમે સમસ્ત ધરતીના શહેનશાહ છો, પછી પર્શિયાની શી વિસાત છે ? શહેનશાહ ખુશ થઈ ગયા. પર્શિયા પર હુમલો કરવાનો વિચાર માંડી વાળ્યો અને નસરુદ્દીનને ભેટસોગાદો આપી વળાવ્યા.

નસરુદ્દીન ફતેહ કરી પાછા આવ્યા. ખટપટિયાઓએ શહેનશાહને ચડાવ્યા. નસરુદ્દીને હિન્દુસ્તાનના બાદશાહને પૂરા ખીલેલા ચાંદ કહ્યા અને તમને ઊગતા ચાંદ કહ્યા. નસરુદ્દીને સમજાવ્યું કે પૂરો ચાંદ તો રોજ ઘટતો જાય અને ઊગતો ચાંદ રોજ વધતો જાય તેથી મેં તો તમને વધારે સારા ગણાવ્યા કહેવાય. ખટપટિયાઓએ પછી માટીની વાત કહી. નસરુદ્દીને કહ્યું, 'મેં તો સમજાવ્યું કે રાજ્ય તો આખરે ધરતી ને માટી જ છે. તે સમજવાથી હિન્દુસ્તાનના શહેનશાહે આપણા રાજ્ય પર હુમલો કરવાનું માંડી વાળ્યું,' બાદશાહ ખુશ થયા અને હિન્દુસ્તાનનાં બાદશાહે આપેલી સોગાતો નસરદ્દીનને આપી દીધી.

કોઈ ગમે એટલું બૂરું ચાહે, ધાર્યું ઈશ્વરનું જ થાય છે.
રામ રાખે તેને કોણ ચાખે.

(પાંદડે પાંદડે જ્યોતિ માંથી)

વિભાગ : ૯ ઉમિયા દ્વારેથી ...



શ્રી ઈશ્વરભાઈ એ. પટેલ
સંકલન

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝામાં પોષી પૂનમ

તા. ૦૩-૦૧-૨૦૨૬ ના રોજ માતાજીના ચરણોમાં પોષી પૂનમના પાવન પર્વે શ્રધ્ધાળુઓએ શિશ ઝૂકાવી ધન્યતાનો અનુભવ કર્યો હતો, સનાતન ધર્મમાં અત્યંત મહત્વ ધરાવતી પોષી સુદ-પૂનમના દિવસે શાકંભરી નવરાત્રીની પૂર્ણાહૂતિ થતી હોય છે. ત્યારે આ દિવસે મા ઉમિયાના મંદિરમાં વિશેષ ફૂલોની આંગી સાથે ભવ્ય ઊજવણી કરવામાં આવી. શ્રધ્ધા અને આસ્થાનું કેન્દ્ર ગણાતા ઊંઝા સ્થિત શ્રી ઉમિયા માતાજી મંદિર ખાતે ભવ્યાતિભવ્ય પોષી પૂનમ ઉત્સવ ઊજવાયો વહેલી સવારથી જ શ્રધ્ધાળુઓનો અવિરત પ્રવાહ ઉમિયાધામ તરફ વહેતો રહ્યો. લાખો ભક્તોએ મા ઉમિયાના દર્શન કરી પોતાના જીવનને ધન્ય બનાવ્યાની લાગણી વ્યક્ત કરી. શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-દ્વારા દર્શન વ્યવસ્થા, ભોજન પ્રસાદ તેમજ વાહન વ્યવસ્થાપન માટે ઉત્તમ આયોજન કરવામાં આવ્યું હતું. મંદિર પરિસરમાં બહાર વિશાળ પાર્કિંગ વ્યવસ્થા સાથે તમામ દર્શનાર્થીઓ માટે નિઃશુલ્ક ચાની સુવિધા ઉપલબ્ધ કરાઈ હતી. આ ઉપરાંત શુધ્ધ, સ્વાદિષ્ટ અને પૌષ્ટિક મીઠાઈ સાથેના ભોજન પ્રસાદનો લાભ લાખો શ્રધ્ધાળુઓએ લીધો હતો. સવારથી સાંજ સુધી શ્રધ્ધાળુઓની ભીડ હોવા છતાં ભક્તોની સ્વયંશિસ્ત અને મંદિરની સુવ્યવસ્થિત વહિવટી વ્યવસ્થાના કારણે કોઈપણ પ્રકારની અવ્યવસ્થા કે અગવડતા સર્જાઈ નહોતી. સમગ્ર પોષી પૂનમ ઉત્સવ ભક્તિ, શ્રધ્ધા અને સેવા ભાવનાથી ઓતપ્રોત બની રહ્યો હતો.

શ્રી ઉમિયા માતાજી ફોટો મંદિર નિર્માણ

વિઝન-૨૦૩૦ અંતર્ગત શ્રી ઉમિયા માતાજી ફોટો મંદિર નિર્માણમાં અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળ્યો તે આપણા સૌ માટે ગૌરવ અને આનંદની વાત છે. માતાજી મંદિરના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવો ભારે ધામધૂમથી આનંદ ઉલ્લાસથી ઊજવાય છે. આવા ધાર્મિક પ્રસંગોથી માતાજી પ્રત્યે આસ્થા, શ્રધ્ધા, ભક્તિભાવ, સંપ સંગઠન અને સદ્‌ભાવના ખૂબ જ વધી રહી છે. તાજેતરમાં નીચે મુજબના ફોટો મંદિર કાર્યક્રમો ભક્તિભાવપૂર્વક અને આનંદ-ઉલ્લાસ સાથે ઊજવાયા.

ક્રમ	તારીખ	ગામ	તાલુકો	જિલ્લો
૧	૨૩-૧૦-૨૦૨૫	પળી	ઊંઝા	મહેસાણા
૨	૨૯-૧૦-૨૦૨૫	કાવા	ઈડર	સાબરકાંઠા
૩	૨૯-૧૦-૨૦૨૫	તેજપુરા	હિંમતનગર	સાબરકાંઠા
૪	૦૨-૧૧-૨૦૨૫	કુંડિયા	મહેશ્વર	ખરગાંન
૫	૨૮-૧૨-૨૦૨૫	વિરમગામ	વિરમગામ	અમદાવાદ
૬	૨૬-૧૨-૨૦૨૫	પલવાડા	બડવર	ધાર (મધ્યપ્રદેશ)
૭	૨૬-૧૨-૨૦૨૫	મુંડલ	ધાર	ધાર (મધ્યપ્રદેશ)
૮	૨૮-૧૨-૨૦૨૫	કરવડ	જાંબુવા	જાંબુવા (મધ્યપ્રદેશ)

મંદિર નિર્માણના કાર્યથી ઉમિયા પરિવારોમાં યુવાનોના સંગઠન અને ધાર્મિક સક્રિય બને છે. મા ઉમિયા પ્રત્યે ધાર્મિકતા અને સંગઠિતતા એ આપણા સૌનું ધ્યેય છે. જે દેખાઈ રહ્યું છે. બધા મંદિર કાર્યક્રમોમાં શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાના હોદ્દેદારશ્રીઓ, મંદિર સમિતિના સભ્યો હાજર રહી પ્રોત્સાહન આપ્યું હતું. તમામ દાતાશ્રીઓ, કાર્યકરો, ભાઈઓ-બહેનો અને યુવાવર્ગ માતાજીના મંદિરમાં તન-મન-ધનથી જેમણે સહકાર આપ્યો તે તમામને માતાજીના ખૂબ ખૂબ આશીર્વાદ મળે તેવી મા ઉમિયાને પ્રાર્થના.

ઉમા પ્રસાદઘર :

શ્રી ઉમિયા માતાજી સંસ્થા ઘણા વર્ષોથી ઉમા પ્રસાદ ઘર ચલાવે છે. તેમાં શ્રીફળ, કંકુ, અગરબત્તી, સાકરીયા, સાકર, ચુંદડી, ડાયફ્રુટ મિક્ષ વિવિધ પ્રસાદ વગેરે સારી ક્વોલિટીમાં મળે છે. યાત્રિકોને શુધ્ધ, સાત્વિક, તાજો પ્રસાદ વ્યાજબી ભાવે મળે તે હેતુથી સંસ્થા ચલાવે છે. યાત્રિકો તેનો ખૂબ લાભ લે છે. તે કમિટીના ચેરમેનશ્રી જશવંતભાઈ બી. પટેલ તેમાં ખૂબ રસ લઈ રહ્યા છે. તેમને ખૂબ ખૂબ ધન્યવાદ.

વસંતપંચમીએ મા ઉમિયા મંદિરે નવિન ધ્વજા આરોહણ મહોત્સવ

વસંતપંચમી મહા સુદ-૫ ના દિવસે મનાય છે. મા સરસ્વતી વિદ્યાની દેવી હોઈ આ દિવસે તેની પૂજાનું અનેરૂ મહત્વ છે. બધી ઋતુઓમાં વસંતને શ્રેષ્ઠ એટલે ઋતુરાજ કહેવામાં આવે છે. આ ઋતુમાં પ્રકૃતિ સોળે કળાએ ખીલે છે. મોરના ટહુકા સંભળાય છે. શિયાળુ ખેતી રવિ પાકથી લીલીછમ ધરતી, ધરતીપુત્રોમાં આનંદ જન્માવે છે. મા ઉમિયા કૃષિની દેવી હોઈ ખેડૂતો પોતાના આનંદની અભિવ્યક્તિ સ્વરૂપે આ દિવસને પરગણા પાંચમ અને વસંતપંચમીને આનંદ ઉલ્લાસથી ઊજવે છે.

હિંદુ ધર્મશાસ્ત્રો પ્રમાણે વસંતપંચમીના તહેવારનું આગવું અને અનેરૂ મહત્વ છે. વિદ્યાની દેવી સરસ્વતી માતાનો પ્રાગટ્ય દિન છે. આજના પવિત્ર દિવસે સંવત ૧૮૮૭ માં હાલના વિદ્યમાન શ્રી ઉમિયા માતાજી મંદિર ઉપર સોનોનો કળશ સ્થાપિત કરવામાં આવેલ. આજના દિવસથી માતાજીને કેસુડાના ફૂલથી અભિષેક પૂજા કરી ત્રણ પક્ષ સુધી શ્વેત વસ્ત્ર ધારણ કરાવવાની પરંપરા રહી છે. તેમજ માતાજીના મંદિરનો નવિન પુનરોધ્ધાર સંપન્ન થયો હોવાથી તેની સ્મૃતિમાં દર વર્ષે મંદિરના શિખર ઉપર નવિન ધજાનું આરોહણ કરવામાં આવે છે. શ્વેતવર્ણ એ શાંતિનું પ્રતિક છે. શ્રી ઉમિયા માતાજી મંદિર સંસ્થાન દ્વારા હર્ષભેર અને ઉલ્લાસમય ભક્તિપૂર્ણ વાતાવરણમાં વસંતપંચમીનો ઉત્સવ મનાવવામાં આવે છે. તેથી માતાજીના શરણે-દર્શને આવવાથી માતાજીના ભક્તોને પરમ શાંતિનો અનુભવ થાય છે.

અંબાજીમાં નવિન પથિકાશ્રમ લોકાર્પણ

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા દ્વારા આદ્યશક્તિ મા અંબાના આંગણે અંબાજી ખાતે અરવલ્લીની નયનરમ્ય પહાડીઓ અને પ્રાકૃતિક વાતાવરણના સાનિધ્યમાં મા અંબાના મંદિરની સમીપમાં અંબાના દર્શનાર્થે આરાસુરી મા અંબાના ધામમાં દર્શનાર્થે પધારતા લાખો ભક્તોને ઉત્તમ યાત્રી સુવિધાઓ ઉપલબ્ધ થાય તેવા ઉમદા આશયથી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા દ્વારા દાતા શ્રેષ્ઠીઓના ઉદાર આર્થિક સહયોગથી નવનિર્મિત અને અત્યાનુધિક સુવિધાઓથી સજ્જ જય સોમનાથ (JSIW) ઉમિયાધામ-અંબાજી વિશ્રાંતીગૃહના લોકાર્પણ સમારોહ કાર્યક્રમ યોજેલ છે. જેમાં નામકરણના દાતાશ્રી બાબુભાઈ કે.પટેલ - શ્રી રમેશભાઈ કે. પટેલ ખોરજવાળા-અમદાવાદ પરિવાર છે. કડવા પાટીદાર સમાજના ભક્તો અને દર્શનાર્થીઓની સુવિધા માટે ઉમિયાધામ-અંબાજી ખાતે સુવ્યવસ્થિત સ્વચ્છ અને આરામદાયક રૂમ, પરિવાર માટે યોગ્ય રહેવાની વ્યવસ્થા, પીવાનું શુદ્ધ પાણી, બાથરૂમ ટોયલેટની સુવિધા જરૂરી સુવિધાઓ, અંબાજી મંદિર પરિસરની નજીક ઉમિયાધામમાં શાંતિપૂર્ણ અને ધાર્મિક વાતાવરણ યાત્રિકોને જમવાની વ્યવસ્થા માટે અન્નપૂર્ણા એ.સી.હોલ, મલ્ટીપર્પલ હોલ, મધ્યસ્થ કાર્યાલય, સ્યુટરૂમ કોરીડોર બે લીફટ સુવિધાથી સજ્જ વિશ્રાંતિગૃહની વ્યવસ્થા ઉપલબ્ધ છે.

"આપ સૌના ઉપર મા ઉમાના આશીર્વાદ સદૈવ ઉતરતા રહે એ જ પ્રાર્થના"

॥ જય શ્રી ઉમિયા ॥



ઊંઝા હાઈવે પરનું ઉમાપુરમ્ સર્કલ

અંબાજીમાં 'જય સોમનાથ (JSIW) ઉમિયાધામ'નું ભવ્ય લોકાર્પણ: ભક્તિ અને સેવાનો અદભુત સંગમ

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા દ્વારા અંબાજી ખાતે કરોડો રૂપિયાના ખર્ચે નવનિર્મિત અને અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ 'જય સોમનાથ (JSIW) ઉમિયાધામ' વિશ્રાંતિગૃહનું પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શુભેચ્છા સંદેશ પાઠવી સંસ્થાના આ સેવાકાર્યને હૃદયપૂર્વક બિરદાવ્યું હતું.

આ સમગ્ર સંકુલના નામકરણના મુખ્ય દાતા તરીકે શ્રી બાબુભાઈ કે. પટેલ અને શ્રી રમેશભાઈ કે. પટેલ (જય સોમનાથ - JSIW ગ્રુપ, ખોરજ) ભાગ્યશાળી બન્યા છે. સમારોહ દરમિયાન આ દાતા પરિવારનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત અન્ય દાતાઓનું પણ લોકાર્પણ સમારોહમાં સન્માન કરવામાં આવ્યું હતું.

પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે તેમના પ્રેરક વક્તવ્યમાં વિશેષ રૂપે શ્રી બાબુભાઈ કે. પટેલ (ખોરજ)ના ઉદાર ફાળાની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, "બાબુભાઈ પટેલ જેવા સેવાભાવી દાતાઓના સમર્પણ અને અન્ય તમામ સહયોગી દાતાશ્રીઓના ઉદાર દાનને કારણે જ અંબાજીમાં યાત્રિકો માટે આટલું ભવ્ય અને અત્યાધુનિક ભવન સાકાર થઈ શક્યું છે." તેમણે ઉમેર્યું કે પાટીદાર સમાજની આ દાનવીરતા અન્ય લોકો માટે હંમેશા પ્રેરણારૂપ બની રહેશે.

કાર્યક્રમમાં જાણીતા કથાકાર ડૉ. મમતાબેન પંડિતે આશીર્વચન પાઠવ્યા હતા. સંસ્થાના પ્રમુખ અને ધારાસભ્ય શ્રી બાબુભાઈ જમનાદાસ પટેલ (બી.જે.પી.), માનદ મંત્રી શ્રી જયંતિભાઈ પટેલ, સંસ્થાના હોદ્દેદારો, સમાજ શ્રેષ્ઠીઓ અને કારોબારી સભ્યોની ગરિમામય ઉપસ્થિતિમાં આ લોકાર્પણ વિધિ સંપન્ન થઈ હતી. જય સોમનાથ (JSIW) ઉમિયાધામમાં ૭૨ એસી રૂમ અને ૨ સ્યુટ રૂમ, અન્નપૂર્ણા એસી હોલ, મલ્ટીપર્પઝ હોલ જેવી અત્યાધુનિક સુવિધાઓ ધરાવતું આ ધામ હવે મા અંબાના શ્રદ્ધાળુઓ માટે ખુલ્લું મુકવામાં આવ્યું છે.



'જય સોમનાથ (JSIW) ઉમિયાધામ'

વિભાગ - ૧૦ જાન્યુઆરી-૨૦૨૬ માસની દાન સંહિતા

દાતાશ્રીઓ ઉપર ઉમિયા માતાજીના આશીર્વાદ સદાય વરસતા રહો



શ્રી જયંતિભાઈ પટેલ
માનદ્ મંત્રી, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા

દાન સંહિતા

દાતાનું નામ	ગામ	રકમ રૂ.
તિથિ ધાર્મિકકુમાર પટેલ	હિંમતનગર	૧૧,૦૦૦.૦૦
સ્વ.હિરાલાલ માણજીદાસ પટેલ	અમદાવાદ	૧૧,૫૦૦.૦૦
નક્ષી સુનીલભાઈ ભિખાભાઈ પટેલ	મહેસાણા	૧૦,૦૦૧.૦૦
ઈશ્વરભાઈ ડાહ્યાભાઈ પટેલ	અબ્રામા	૧૧,૧૧૧.૦૦
રામારામ વાગારામ મારવાડી	ઊંઝા	૧૦,૧૦૦.૦૦
ભગુભાઈ છોટુભાઈ પટેલ	સુરત	૧૫,૦૦૦.૦૦
સુમનબેન ભગુભાઈ પટેલ	કામરેજ ચાર રસ્તા	૧૦,૦૦૦.૦૦
હર્ષ કનુભાઈ પટેલ	મોડાસા	૧૫,૫૦૦.૦૦
જીગ્નાબેન અરવિંદભાઈ પટેલ	દેણપ	૨૫,૦૦૦.૦૦
કે.કે.મિશ્રાજી	દિલ્હી	૨૧,૦૦૦.૦૦
જશભાઈ પટેલ	આણંદ	૧૦,૦૦૦.૦૦
પટેલ વિપુલભાઈ નરોત્તમભાઈ	મહેસાણા	૧૮,૦૦૦.૦૦
અવિનાશ હર્ષદભાઈ પટેલ	કલોલ	૨૫,૦૦૦.૦૦
અંબીકા ટ્રેડર્સ		૧૮,૭૧૭.૦૦
સંજયભાઈ પી. પટેલ	બારડોલી	૧૧,૦૦૦.૦૦
પ્રફુલ કલ્યાણજીભાઈ પટેલ	ગાંધીધામ	૧૦,૧૦૦.૦૦
સુભાષ નટવરલાલ પટેલ	અમદાવાદ	૧૩,૭૪૦.૦૦
કાન્તાબેન સૂર્યકાન્ત પટેલ (લંડન)	વટાદરા	૨૫,૦૦૦.૦૦
પોલા સંજય પટેલ	સુરત	૧૧,૦૦૦.૦૦
નિમેષ ગોરધનભાઈ પટેલ	પલીયડ	૧૧,૦૦૦.૦૦
ખ્યાતી રાકેશ પટેલ	આંબલીયાસણ	૧૧,૦૦૦.૦૦
મૈત્રી ઈન્ફ્રાસ્ટ્રક્ચર	મુંબઈ	૨,૨૧,૦૦૦.૦૦
યમુના ઈન્ફ્રા પ્રોજેક્ટ એલએલપી	મુંબઈ	૧૧,૦૦૦.૦૦
ઉમિયા મીલ્ક પ્રોડક્ટ પ્રા.લી.	અમદાવાદ	૧૧,૦૦૦.૦૦
હર્ષ શંકરભાઈ પટેલ	વડોદરા	૧૧,૦૦૦.૦૦
સ્કેનકોડ ઓટો આઈડી ટેકનોલોજી-પ્રાઈવેટ	વાપી	૧૧,૧૧૧.૦૦
અદિતિ પેકેજીંગ ઈન્ડસ્ટ્રીઝ	ગોવા	૧૧,૦૦૦.૦૦
દિનેશ પટેલ	નાસિક	૧૧,૦૦૦.૦૦
ગોવિંદભાઈ પટેલ	હૈદરાબાદ	૧૧,૦૦૦.૦૦
સુહાની રોહિતભાઈ પટેલ	આણંદ	૧૧,૦૦૦.૦૦
પટેલ દિપ કનુભાઈ	સમલાપુર	૫૦,૦૦૦.૦૦
મિલનભાઈ વલ્લભભાઈ ભલાણી	જૂનાગઢ	૧૧,૧૧૧.૦૦
સ્વ.સુશીલાબેન પ્રભુભાઈ પટેલ	નાના ચિલોડા	૧૧,૦૦૦.૦૦
શ્રી એન્ટરપ્રાઈઝ	અમદાવાદ	૧૧,૦૦૦.૦૦

અખંડ ઘી ના દીવા ભેટ

પટેલ ગીરીશકુમાર મથુરદાસ	અમદાવાદ	૮,૧૦૦.૦૦
પી. મગનલાલ આંગડીયા	અમદાવાદ	૫,૦૦૧.૦૦

વસ્તુ-દીવા

મિહિર તુલસીદાસ નાકરાણી	મુંબઈ	૯,૮૦૦.૦૦
મહેંદી તુલસીદાસ નાકરાણી	મુંબઈ	૯,૮૦૦.૦૦
પટેલ રસીકભાઈ ગાંડાલાલ	અમદાવાદ	૨૪,૫૦૦.૦૦
પટેલ રસીકભાઈ ગાંડાલાલ	અમદાવાદ	૧૦,૫૦૦.૦૦

ફુલોની આંગી સેવા યજમાન દાતા

પટેલ વિવાન	ઊંઝા	૫૧૦૦.૦૦

અન્નદાન

માનશી જય પટેલ	મુંબઈ	૫૧૦૦.૦૦
ભાનુકુમાર બારવાલ	વિસનગર	૯૫૦૦.૦૦
યશકુમાર સ્નેહલકુમાર પટેલ	કનાજ	૫૮૦૦.૦૦

પૂનમ ચા દાતાશ્રી

પટેલ પ્રતિકભાઈ રાજેન્દ્રભાઈ	ઈસનપુર મોટા	૧૫,૦૦૦.૦૦

અન્નપૂર્ણા મિષ્ટાન ભોજન દાતા

રાધીકા મીત પટેલ	મુંબઈ	૧૫,૦૦૦.૦૦
સ્વ. અંબાબેન નટવરલાલ પટેલ	મહેસાણા	૧૫,૦૦૦.૦૦
પટેલ કાન્તાબેન મનોજકુમાર બેચરદાસ	ઊંઝા	૧૫,૦૦૦.૦૦
પટેલ સવિતાબેન હસમુખલાલ	કુકરવાડા	૧૫,૦૦૦.૦૦
દલસાણીયા લલીતાબેન પ્રવિણભાઈ	મહેન્દ્રનગર	૧૫,૦૦૦.૦૦
સ્વ. ચંદુભાઈ હીરાલાલ પટેલ (૧૨ વર્ષ માટે)	પાદરા	૧૫,૦૦૦.૦૦
કાયમી પ્રસાદ ફંડ	વ્યક્તિ - ૧૩	૬૬,૩૦૦.૦૦
કાયમી સદાવ્રત કોર્પસ ફંડ	વ્યક્તિ - ૩	૧૫,૩૦૦.૦૦
કાયમી થાળ કોર્પસ ફંડ	વ્યક્તિ-૯	૪૫,૯૦૦.૦૦

કાયમી હવન ફંડ (૧૨ વર્ષ માટે)

શિલ્પાબેન રમેશભાઈ પટેલ	વિસનગર	૩૧,૦૦૦.૦૦
ભુપેન્દ્રભાઈ વેલજીભાઈ પટેલ	ઊંઝા	૩૧,૦૦૦.૦૦

ધન્યવાદ





ઉમિયાજ્યોતના લવાજમના નાણાં રોકડા તેમજ ઓનલાઈન બેંન્કીંગથી પણ સ્વીકારવામાં આવે છે.

ખાતાનું નામ : કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન
બેન્ક : ઈન્ડીયન ઓવરસીઝ બેન્ક, સોલા બ્રાન્ચ, અમદાવાદ
એકાઉન્ટ નં. : ૦૪૪૭૦૨૦૦૦૦૦૦૬૮૦
IFSC : IOBA0000447
ઓનલાઈન પેમેન્ટ કર્યા બાદ (મો) ૬૩૫૪૫૩૬૪૩૬
ઉપર જાણ કરવી અને પેમેન્ટનો સ્ક્રીનશૉટ મોકલવો.

લવાજમ રૂા. ૨૦૦૦ (૫ વર્ષ માટે)
લવાજમ રૂા. ૩૦૦૦ (૧૦ વર્ષ માટે) **સ્વીકારવામાં આવે છે.**

ઉમિયા જ્યોતના નવા સભ્યશ્રીઓ જાન્યુઆરી -૨૦૨૬

લવાજમ રૂા. ૩૦૦૦ સ્વીકારવામાં આવે છે. (૧૦ વર્ષ માટે)

પટેલ અમૃતલાલ શંકરલાલ	મહેસાણા
પ્રવિણભાઈ કાનજીભાઈ પટેલ	ભરૂચ
પટેલ જીતેનદ્રકુમાર સોમાભાઈ	મહેસાણા
કીર્તિભાઈ શિવાભાઈ પટેલ	મહેસાણા
શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ	મુંબઈ
યોગેશભાઈ ગાંડાલાલ પટેલ	મહેસાણા
સંજયકુમાર કાન્તિલાલ પટેલ	મહેસાણા
મહેશકુમાર પ્રભુદાસ પટેલ	મહેસાણા
અરવિંદભાઈ કાશીરામ પટેલ	મહેસાણા
ભરતભાઈ નરોતમદાસ પટેલ	મહેસાણા
પટેલ રમણભાઈ શીવરામદાસ	પાટણ
પટેલ વિજયભાઈ માધવલાલ	મહેસાણા
નિરવ વિઠ્ઠલભાઈ પટેલ	અમદાવાદ
નિરવ કિરિટભાઈ પટેલ	અમદાવાદ
ચિરાગ પ્રવિણભાઈ પટેલ	અમદાવાદ
અશોકભાઈ માધવલાલ પટેલ	અમદાવાદ
દિનેશકુમાર પ્રહલાદભાઈ પટેલ	અમદાવાદ
તુષારભાઈ બાબુભાઈ પટેલ	અમદાવાદ
સંજયભાઈ નરોત્તમદાસ પટેલ	અમદાવાદ
શિલ્પાબેન દેવેન્દ્રકુમાર પટેલ	અમદાવાદ
નરેન્દ્ર કાન્તિલાલ પટેલ	અમદાવાદ
સુવાસભાઈ મણીલાલ પટેલ	અમદાવાદ
મનીષભાઈ પસાભાઈ પટેલ	અમદાવાદ
જતીનકુમાર ભીખાભાઈ પટેલ	અમદાવાદ
કીર્તિકુમાર અમૃતલાલ પટેલ	અમદાવાદ
દિલીપકુમાર નટવરભાઈ પટેલ	અમદાવાદ
ચંદ્રકાંત રામભાઈ પટેલ	અમદાવાદ

જાન્યુઆરી-૨૦૨૬ માસમાં ભાવિક દાતાશ્રીઓએ કુલ ૧૦૮૮ સાડીઓની માતાજીને ભેટ ઓઢાડી માની કૃપા મેળવી.

શ્રી ઉમિયા મંદિર, ઊંઝામાં કાયમી લગ્નોત્સવ યોજના અંતર્ગત
જાન્યુઆરી - ૨૦૨૬ માસમાં ૨૨ લગ્ન + ૮ ફુલહાર લગ્ન કુલ - 30 લગ્ન થયાં.

મિત્રો,

'ઉમિયા જ્યોત' આપ સૌનું ગમતું સામયિક છે. તેમાં આપ યોગ્ય લેખો મોકલી શકો છો. આપની પરિવારનો કોઈ સભ્ય કોઈ ઉચ્ચ શિક્ષણ સિદ્ધિ પ્રાપ્ત કરે, ઉચ્ચ નોકરી પ્રાપ્ત કરે કે બઢતી, બદલી થાય તો તેની ૧/૨ કે ૧/૪ પાનામાં વિગતો છપાવી શકો છો.

— તંત્રી

પંચકર્મ- અગ્નિકર્મ - મર્મ રુહ : (પીડન) ચિકિત્સા

સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો

ગુરૂ



વૈધ નરસિંહાકાકા

નિરામય આયુર્વેદિક હોસ્પીટલ®

www. niramayayurveda.com રી-સર્ચ ફોર આયુર્વેદા

" પ્રતિક હાઉસ " ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગર સ્ટ્રીટ રોડ,
સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયાની ગલીમાં, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત.
ફોન : ૦૨૬૧-૨૪૭૦૮૭૫, ૨૪૭૦૮૭૬, મો. ૭૫૭૪૮ ૬૧૮૫૬
હોસ્પિટલ સમય : સવારે ૮.૦૦ થી સાંજે ૮.૦૦

ગુરૂ



ડો. પી. યાદવ્યા



વૈધરત્નમ્ સંદિપ પટેલ
B.A.M.S., MD, Ph.D
સમય : ૨.૦૦ થી ૮.૦૦

વેધનકર્મ અને અગ્નિકર્મ ચિકિત્સા

કેન્સર - હૃદયરોગ - કીડનીનારોગો

3C CARE WITH AYURVEDA

Ultimate Neuro - Arthritic Care



પાઈલ્સ અને પથરીના રોગોથી પરેશાન છો ??

- પિત્તાશયની પથરી (Gallbladder Stone)
- પેશાબની પથરી, કીડનીની પથરી
- અર્શ-મસા-ભગંદર

કષ્ટદાયક કેન્સરની સચોટ, અનુભૂત સફળ
(ટ્રેડીશનલ-જંગલની જડીબુટ્ટી)
રીસર્ચ - સહાયક આયુર્વેદિક સારવાર

શું તમે ડાયાલીસીસ કરાવો છો ???
ટ્રાન્સપ્લાન્ટેશન વગર કીડનીના રોગો માટે આયુર્વેદિક સહાયક સારવાર

NABH

ઈન્સ્યોરન્સ સુવિધા ઉપલબ્ધ...



•સ્ટ્રોક •હાઈ બ્લડ પ્રેશર•ડાયાબીટીસ•હૃદય રોગ
જેવા કારણોથી થતા પક્ષાઘાત (પેરાલીસીસ) ની
વૈધરત્નમ્ સંદિપ પટેલ દ્વારા
૩૩ વર્ષના અનુભવી રીસર્ચ બેઈઝ અનુભૂત
"નિરામય" સહાયક અને ફળદાયી આયુર્વેદિક સારવાર

બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી.
ફોન :૭૫૭૪૮૬૧૮૫૩ - ૯.૦૦ થી ૭.૦૦
સમય : દર શુક્રવારે -૧૦.૦૦ થી ૧.૦૦ (Courier Facility Available)

ઈચ્છાનાથ ૧૦૫, દેવાશિષ એપાટમેન્ટ, SVNIT કોલેજ સામે, ઉમરા રોડ, ઈચ્છાનાથ, સુરત.
સમય: સવારે ૧૦.૦૦ થી સાંજે ૭.૦૦ ફોન : ૭૫૭૪૮૬૧૮૫૧

ભરૂચ એ-૨૨, અમરદિપ કોમ્પ્લેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી. ડેપો પાસે, ભરૂચ.
સમય: દર મહીનના ૨ જા રવિવારે સવારે ૧૦.૦૦ થી બપોરે ૨.૦૦
ફોન : ૭૫૭૪૮૬૧૮૬૬

Avdhoot
Dental & Implant Clinic

દાંતની તમામ પ્રકારની સ્પેશ્યાલીસ્ટ દ્વારા સચોટ સારવાર માટે અદ્યતન ટેક્નોલોજીથી સુસજ્જ ડેન્ટલ ક્લિનીક



Dr. Jayanti R. Patel
M.D.S.
(Prosthodontics & Crown and Bridge)
Dean (Narsinhbhai Patel Dental College & Hospital, Visnagar)
President (Indian Prosthodontic Society)
M. 9824045092



Dr. Rushit J. Patel
M.D.S.
(Oral & Maxillofacial Surgery & Implantology)
Professor (Narsinhbhai Patel Dental College & Hospital, Visnagar)
M. 9824115092


Reception Area


Consulting Room


Speciality Treatment Area



Treatment Area

સ્પેશિયાલીસ્ટ દ્વારા ઉપલબ્ધ સુવિધાઓ


In House OPG & RVG
ડિજીટલ તથા આખા મોઢાના એક્સ-રેની સુવિધા


Intra Oral Scanner
દાંતનું માપ લેવાની કમ્પ્યુટરાઈઝ્ડ પદ્ધતિ


Dental Implant Supported Fixed Prosthesis & Over - Denture
સ્ક્રૂની મદદથી ફિક્સ દાંત તથા ચોકઠું બેસાડવાની સુવિધા.


Teeth in 72 Hrs. (Basal Implant.)
૭૨ કલાકમાં દાંત બેસાડવાની સુવિધા


Complete Denture
કાઢવા પહેરવાનું ચોકઠું


Crown & Bridge. (FPD)
દાંત પર કવર/કેપ તથા પડી ગયેલા દાંતની જગ્યાએ નવા દાંત બેસાડવાની સુવિધા


Root Canal Treatment
આધુનિક પદ્ધતિથી મૂળિયાની સારવાર


Orthodontic Treatment
વાંકાચૂકા દાંતની સારવાર


Extraction
દાંત/દાઢ પાડવાની તથા ડહાપણની દાઢની સારવાર


Flap Surgery
પેઢાની સર્જરી દ્વારા પાયોરિયાનો સચોટ ઈલાજ


Pedodontist
નાના બાળકોના દાંતની તમામ સારવાર


Laser Dentistry

ક્લિનીક - ૧
મારૂતિ કોમ્પલેક્ષ, બળીયા-લીમડી રોડ,
સિવિલ હોસ્પિટલ સામે,
અસારવા, અમદાવાદ-૧૬. મો. 9429524365
Time : 9.00 am to 1.00 pm | 5.00 pm to 9.00 pm

ક્લિનીક - ૨
૨૦૭, બીજો માળ, એમ્પાયર ડૉક્ટર હાઉસ,
અમીરાજ ફાર્મની બાજુમાં, કારગીલ પેટ્રોલ પંપની સામે,
એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ. મો.9638971362
Time : 10.00 am to 1.00 pm | 4.00 pm to 9.00 pm



સ્કૂલ ટ્રસ્ટી તરીકે હાજરી આપી હર ઘર -તિરંગા અભિયાનને વેગ આપી એક આંદોલન બનાવ્યું.

ભારત માતાકી જય

કિરીટ પટેલ (દેવગઢ)

UMIYA JYOT
Registered under RNI No. GUJGUJ/2012/49800
Published on 15th Date of every month

If undelivered please return to below address

'ઉમિયા જ્યોત' કાર્યાલય
કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન
ઉમિયા કેમ્પસ, ભાગવત વિદ્યાપીઠ પાસે,
એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦ ૦૬૦
ફોન : ૦૭૯-૨૭૬૬ ૧૨૦૪
E-mail : editorumiyajyot@gmail.com

Published by DILIPBHAI MANILAL PATEL on behalf of KADVA PATIDAR KULDEVI SHREE UMIYA MATAJI SANSTHAN UNJHA and printed by DAVE DHAVAL KIRTIKUMAR Gujarat Offset Pvt Ltd Offset House, Station Road, Vatva, Ahmedabad-382 440 and Published from Kadva Patidar Kuldevi Shree Umiya Mataji Sansthan Unjha, Umiya Campus, Near Bhagwat Vidyapith, S.G. Highway, Sola, Ahmedabad-380 060. Editor - JETHABHAI PATEL